RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ - પૂનમ    બુધવાર તા.૨૯-૦૭-૨૦૨૬    અંક : ૧૭૯ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# રશિયા પાસેથી ઓઈલ ખરીદવા પર ભારતને ૧૦૦% ટેરિફ!

## ૧૦૦% ટેરિફની મંજૂરી આપતું બિલ અમેરિકન સેનેટમાં પાસ, ભારત સહીત ૫ દેશો ટ્રમ્પના મુખ્ય નિશાન પર

વોશિંગટન,

અમેરિકા અને ભારત વચ્ચે ટેરિફ મુદ્દે ચાલી રહેલી તનાતની વચ્ચે વધુ એક મોટા સમાચાર આવ્યા છે.

અમેરિકન સેનેટે રશિયા પર કડક પ્રતિબંધો લાદવા અને રશિયા પાસેથી ઊર્જા ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ ઝીકવા માટેનું મહત્ત્વપૂર્ણ બિલ પસાર કરી દીધું છે. આ બિલ સ્વર્ગસ્થ સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જેને સેનેટમાં ૮૯-૧૨ના ભારે બહુમતીથી મંજૂરી આપવામાં આવી છે.

જો આ બિલ કાયદો બનશે તો રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ઓઈલ અને ગેસ આયાત કરતા દેશો પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ૧૦૦% સુધી ટેરિફ લાદવાની સત્તા મળશે. આ બિલ હેઠળ ભારત, ચીન, સ્લોવાકિયા, હંગેરી તેમજ અઝરબૈજાન સહીત ૫ દેશો મુખ્ય નિશાન પર છેઃ

પશ્ચિમ એશિયામાં ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા થતી ઓઈલની સપ્લાય ખોરવાઈ ગઈ હતી. આ કારણે ભારતીય રિફાઈનરીઓએ રશિયા પાસેથી ઓઈલ






ખરીદવાનું પ્રમાણ વધાર્યું હતું. ઓગસ્ટ ૨૦૨૫માં પણ અમેરિકાએ ભારત પર ૨૫% વધારાનો ટેરિફ લાદ્યો હતો, જેથી ભારત પર કુલ ટેરિફ ૫૦% થઈ ગયો હતો. બાદમાં ઈરાન સંકટ વખતે ફેબ્રુઆરીમાં રાહત આપવામાં આવી હતી, પરંતુ હવે ફરી ૧૦૦% ટેરિફનો ખતરો ઉભો થયો છે.

હવે આગળ શું થશે? સેનેટમાં પ્રક્રિયાગત મંજૂરી મળ્યા બાદ આ બિલ સપ્ટેમ્બરમાં યોજાનારી 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' ની બેઠકમાં રજૂ થશે. ત્યાંથી પસાર થયા બાદ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર થયા પછી જ તે આખરી કાયદો બનશે. જોકે, આ બિલથી સીધા ટેરિફ લાગુ નહીં થાય પણ પ્રમુખ ટ્રમ્પને ભારત જેવા દેશો પર નવું આર્થિક દબાણ લાવવા માટેનું મોટું હથિયાર મળી જશે.

# કોમનવેલ્થ ગેમ્સમાં ૨ ગોલ્ડ સાથે ભારતના ૧૨ મેડલ

## ગુલવીરે ૧૦૦૦૦દ્વ દોડમાં, હરજિંદરે વેઈટલિફ્ટિંગમાં સિલ્વર જીત્યા

ગ્લાસગો,

ભારતીય ખેલાડીઓએ ગ્લાસગોમાં ચાલી રહેલા કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના ૫મા દિવસે ૨ સિલ્વર મેડલ જીત્યા. મંગળવારે મોડી રાત્રે લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહે પુરુષોની ૧૦ હજાર મીટરની રેસમાં બીજું સ્થાન મેળવ્યું. તેઓ આ ઈવેન્ટમાં મેડલ જીતનારા પ્રથમ ભારતીય બન્યા.આ પહેલા હરજિંદર કૌરે કુલ ૨૨૭ કિલોગ્રામ વજન ઉઠાવીને સિલ્વર જીત્યો. જ્યારે, ભારતના ૩ બોક્સરોએ પણ પોતપોતાની વેઈટ કેટેગરીની મેચ જીતીને મેડલ પાક્કા કરી લીધા છે. ત્રણેય સેમિફાઈનલમાં પહોંચી ગયા છે.

ગુલવીરના સિલ્વર પછી મેડલ ટેલીમાં ભારત બે ગોલ્ડ સહિત ૧૨ પદકો સાથે ૯મા નંબર પર પહોંચી ગયું છે. જ્યારે, ઓસ્ટ્રેલિયા ૩૫ ગોલ્ડ સાથે કુલ ૮૦ મેડલ સાથે ટોચ પર છે.

સ્કોટસ્ટાઉન સ્ટેડિયમમાં ભારે વરસાદ અને ભીના ટ્રેકમાં ગુલવીરે ૨૭:૪૯.૭૮ સેકન્ડનો સમય લીધો હતો ગુલવીર સિંહ ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લાના સિરસા ગામના વતની છે અને ભારતીય સેનામાં નાયબ સુબેદાર છે.

# મનપા-નગરપાલિકાના રસ્તાઓ ડામરને બદલે સિમેન્ટ કોંક્રિટથી બનાવાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં એક દીર્ઘકાલીન નિર્ણય લેવામાં આવ્યો

અમદાવાદ,

ચોમાસામાં રસ્તા તૂટવાની સમસ્યાના કાયમી નિરાકરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં એક દીર્ઘકાલીન નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર રાજ્યની તમામ મનપા અને પાલિકાઓના આંતરિક રસ્તાઓને ડામરને બદલે સિમેન્ટ કોંક્રિટથી બનાવવામાં આવશે.

આ નિર્ણયની વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભારે વરસાદ અને પાણીના ભરાવાને કારણે ડામરના રસ્તાઓ વારંવાર તૂટી જવાની સમસ્યા સર્જાય છે, જેનાથી નાગરિકોને મુશ્કેલી પડે છે. આ મુશ્કેલીના કાયમી નિવારણ અને નાગરિકોની સુવિધા માટે રાજ્ય સરકારે આ નિર્ણાયક પગલું ભર્યું છે. માત્ર શહેરો જ નહીં, પરંતુ ગામતળના વિસ્તારો જ્યાં પાણીનો ભરાવો વધુ થતો હોય, તેવા ડામરના રસ્તાઓને પણ ક્રમશઃ સીસી રોડમાં ફેરવવામાં આવશે. સુવિધાપથ યોજના અંતર્ગત ગામતળમાં સીસી રોડનું કામ હાલમાં પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ભારે અને અતિ ભારે વાહનવ્યવહાર ધરાવતા ઔદ્યોગિક વિસ્તારોમાં જરૂરિયાત મુજબ સીસી રોડની કામગીરીનો વ્યાપ વધુ વિસ્તારવામાં આવશે.

પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, સામાન્ય રીતે ડામર રોડની સરખામણીએ સીસી રોડનો બાંધકામ ખર્ચ ૩૦થી ૪૦ ટકા વધુ હોય છે. તેમ છતાં, મુખ્યમંત્રીએ ખર્ચની ચિંતા કર્યા વિના, પ્રજાને લાંબા ગાળાનો ગુણવત્તાયુક્ત અને ટકાઉ લાભ આપવા આ પ્રજાહિતલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓનું માળખું વધુ સુદૃઢ બનશે અને નાગરિકોને લાંબા ગાળાની સુવિધા પ્રાપ્ત થશે.

# યુરોપના જહાજો હવે અલંગમાં ભાંગવા આવશે

## ત્રણ પ્લોટસ યુરોપિયન ધોરણોના અમલ માટે સજ્જ: કુલ ૩૫ પ્લોટ ધારકોએ માન્યતા માટે અરજી કરી

રાજકોટ,

શિપ બ્રાકિંગ ક્ષેત્રે દુનિયાભરમાં નામ ધરાવતા અલંગમાં હવે મોટાં અને યુરોપના જહાજો આવવાનો રસ્તો ખૂલવાનો છે. અલંગના કુલ ત્રણ શિપ બ્રેકર્સો એ સુરક્ષિત અને પર્યાવરણીય રીતે યોગ્ય ગણાતી યુરોપિયન શિપ રિસાયક્લિંગ સુવિધાઓની યાદીમાં સમાવેશ કરવા માટે અરજી કરી છે. આ પ્રકારના જહાજો વૈશ્વિક સ્તરે મોટો હિસ્સો ધરાવે છે. યુરોપીયન કમિશનની મંજૂરી આવી જાય એ પછી જહાજોની સંખ્યા વધી શકે છે. યુરોપિયન કમિશને શ્રી રામ વેસલ ક્રેપ, શ્રી રામ શાપિંગ ઈન્ડસ્ટ્રીઝ અને વાયએસઆઈ રિસાયકલર્સ દ્વારા યુરોપિયન શિપ રિસાયક્લિંગ સુવિધાઓની સૂચિની ૧૯મી આવૃત્તિમાં સમાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. યુરોપીયન ધારાધોરણોનો અમલ થતો હશે તો આ યાદીમાં નામ



સમાવવામાં આવશે. યુરોપિયન કમિશનનો પ્રસ્તાવ ૩૦ ઓગસ્ટ સુધી પરામર્શ માટે ખુલ્લો છે, ત્યારબાદ યુરોપિયન યુનિયનના ૨૭-સભ્ય રાજ્યો દ્વારા ઓક્ટોબરમાં મતદાન કરવામાં આવશે. મંજૂરી મળી જાય તો અલંગમાં ત્રણ યાર્ડ પ્રથમ દક્ષિણ એશિયાઈ રિસાયકલર્સ, પ્રથમ બિન-ઓઈસીડી સુવિધા અને યુરોપ શિપ રિસાયક્લિંગ રેગ્યુલેશન અનુસાર યુરોપિયન યુનિયનના દેશોના ધ્વજ લહેરાવતા જહાજોના રિસાયક્લિંગ માટે મંજૂરી મેળવવા માટે ડિસમન્ટાલિંગની બાચિંગ પદ્ધતિનો ઉપયોગ કરી શકશે. યુરોપીયન યાદીમાં આવતા જહાજો એવી સુવિધા ધરાવતા યાર્ડમાં જ તોડવામાં આવતા હોય છે એટલે આ મંજૂરી જરૂરી છે. અલબત્ત, અગાઉ અલંગમાં હોંગકોંગ કન્વેન્શનના નિયમોનો અમલ શરૂ થઇ જ ચૂક્યો હતો. અલંગના ૧૧૫ પ્લોટસમાં હોંગકોંગ કન્વેન્શનના નિયમોનું પાલન થાય છે. એમાંથી કુલ ૩૫ પ્લોટસ દ્વારા યુરોપ સ્ટાન્ડર્ડ માટે અરજી થઈ છે. ત્રણ પ્લોટ માલિકોએ યુરોપની મોટાંભાગની પ્રક્રિયાઓ પૂર્ણ કરી લીધી છે. હવે ફક્ત મતદાન બાકી છે. ત્રણેય પ્લોટસમાં ડાઉનસ્ટ્રીમ ટ્રીટમેન્ટ, સ્ટોરેજ, ડિસ્પોઝલ અને તબીબી સુવિધાઓમાં વધુ સુધારો કરવામાં આવ્યો છે. આ પહેલ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે સહયોગને મજબૂત બનાવી શકે છે, જવાબદાર રિસાયક્લિંગ ક્ષમતાને વિસ્તૃત કરી શકે છે તેમ જાણકારો માને છે.

# જાપાનમાં ૭.૧ના ભૂકંપથી અનેકના મોતની આશંકા

## પૂલ-ફેક્ટરી તૂટી પડયા, શોપિંગ મોલ ધરાશાઈ થતાં ૫૦ લોકો દટાયાની આશંકા, ન્યૂક્લિયર પાવર પ્લાન્ટમાં નુકસાન નહીં

ટોક્યો,

દક્ષિણ જાપાનના મુખ્ય ટાપુ ક્યુશુના કુમામાતોની ધરતી મંગળવારે બપોરે ૭.૧ની તિવ્રતાના ભૂકંપથી હચમચી ઊઠી હતી. ભૂકંપ બાદ એક પુલ અને ફેક્ટરી તૂટી પડયા હતા જ્યારે કેટલાક કલાકો પછી કાશિમા ટાઉનના એઓન મોલમાં તિવ્ર વિસ્ફોટો થયા હતા. મોલનો બીજો માળ તૂટી પડતાં તેના કાટમાળમાં કેટલાક લોકોનાં મોત થયા હોવાની તથા ૫૦થી વધુ લોકો ફસાયા હોવાની આશંકા સેવાઈ રહી છે.

જાપાન હવામાન વિજ્ઞાાન એજન્સીના અહેવાલ મુજબ સ્થાનિક સમય મુજબ ૪.૨૭ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.આ ભૂકંપનુ કેન્દ્ર જમીનથી ૧૦ કિ.મી.ની ઊંડાઈમાં હતું. ભૂકંપ બાદ




સુનામની ચેતવણી અપાઈ હતી, પરંતુ લગભગ એક કલાક પછી તેને પાછી લઈ લેવાઈ હતી. ભૂકંપ પછી સરકારે તકેદારીના ભાગરૂપે ક્યુશુ ટાપુના ૧.૫ લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળો અને રાહત શિબિરોમાં ખસેડયા હતા. ભૂકંપના આંચકાઓ પછી કાશિમા ટાઉનના એઓન મોલનો બીજો માળ તૂટી પડતાં તેના કાટમાળમાં ૫૦થી વધુ લોકો ફસાયા હોવાનું મનાય છે. આ લોકોને બચાવવા માટે આખી રાત અભિયાન ચલાવાયું હતું.ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિવિઝનના અધિકારીએ કહ્યું હતું કે, નિપોન પેપર યાત્સુશિરો પ્લાન્ટમાં બે લોકો કાર્ડિઆક અરેસ્ટની સ્થિતિમાં મળી આવ્યા હતા જ્યારે નવ લોકો હજુ પણ લાપતા છે.

# થોડા વરસાદમાં જ અયોધ્યા રામમંદિરના દરબારમાં પાણી ઘૂસ્યું : ભક્તો ભારે પરેશાન

## ભક્તોને દર્શન કરતા અટકાવાયા, તંત્ર કે સત્તાધીશો તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી

અયોધ્યા,

અયોધ્યાના ભવ્ય રામ મંદિરના ગર્ભગૃહ અને પરિસરમાં વરસાદી પાણી ટપકવા અને ભરાવવાનો સિલસિલો મંગળવારે પણ ચાલુ રહ્યો હતો. ધોધમાર વરસાદ દરમિયાન રામ દરબાર તરફ જતી સીડીઓ પરથી પાણી વહીને જાણે કોઈ ઝરણું વહેતું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. રામ દરબારમાંથી પાણી વહીને સીધું મંદિર પરિસરમાં ફેલાઈ જતાં શ્રદ્ધાળુઓને દર્શન કરવાથી રોકવામાં આવ્યા હતા. આટલી આધુનિક અને સુવ્યવસ્થિત રીતે નિર્મિત ભવ્ય મંદિરમાં વારંવાર પાણી ભરાવાની આ ઘટનાને લઈને ભારે ચિંતા પ્રવર્તી રહી છે, જો કે આ અંગે તંત્ર કે સત્તાધીશો તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. મંગળવારે દર્શન કરીને બહાર આવેલા એક શ્રદ્ધાળુએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ વચ્ચે તેઓ સામાન્ય સીડીઓથી રામ દરબાર તરફ દર્શનાર્થે જઈ રહ્યા હતા, ત્યારે વરસાદનું પાણી સીડીઓ પરથી વહીને પ્રાંગણ તરફ જઈ રહ્યું હતું, જેને પગલે સુરક્ષાકર્મીઓએ લોકોને આગળ જતા અટકાવ્યા હતા. જલવાનપુરા વિસ્તારમાં રહેતા લોકોની મુશ્કેલીઓ યથાવત રહી હતી.

# સંસદના ચોમાસુ સત્ર દરમિયાન અમિત શાહની ઉચ્ચસ્તરીય બેઠકથી રાજકીય વર્તુળોમાં ચર્ચા!

## દેશની સુરક્ષા વ્યવસ્થા, કાયદો, તાજેતરના વિરોધ પ્રદર્શનો અને રાજકીય સ્થિતિ પર ચર્ચા થયાની સંભાવના

નવી દિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. આ સત્ર દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સંસદ ભવનમાં એક મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હોવાનું જાણાવા મળ્યું છે. આ બેઠકમાં ગૃહ સચિવ ગોવિંદ મોહન અને ઈન્ટેલિજન્સ બ્યૂરોના ચીફ મહેશ દીક્ષિત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંગળવારે મોડી સાંજે મળેલી આ બેઠક રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બની છે. અમિત શાહે કયાં મુદ્દાઓ પર ચર્ચા કરી તેના વિશે કોઈ ચોક્કસ વિગતો જાહેર કરવામાં આવી નથી.

હાલમાં દેશનું રાજકીય વાતાવરણ ગરમાયેલું છે. ખાસ કરીને 'નીટ-યુજી' પેપર લીક કાંડને પગલે દેશભરમાં વિદ્યાર્થી સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા હતાં. આ દબાણ હેઠળ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું, જેના કારણે વિપક્ષો સરકારને સતત ઘેરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં દેશની સુરક્ષા વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને તાજેતરના વિરોધ પ્રદર્શનો પર ગંભીર મનોમંથન કરવામાં આવ્યું હોવાની શક્યતા છે.

ગૃહ પ્રધાનની આ બેઠક વચ્ચે, વિરોધ પક્ષોએ ૨૦ જુલાઈએ જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને સરકારને સવાલો કર્યા હતાં. એન્ટી-પેપર લીક બિલ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના ઉપનેતા ગૌરવ ગગોઈએ સરકારની આકરી ઝાટકણી કાઢી હતી

તમામ પ્રકારના આક્ષેપો અને સવાલોની વચ્ચે કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, સરકાર તરફથી આ બેઠકના એજન્ડા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. પરંતુ સંસદના સત્ર દરમિયાન સુરક્ષા અને રાજકીય સ્થિતિને જોતા આ બેઠકને અત્યંત સંવેદનશીલ માનવામાં આવી રહી છે.

# ભોપાલમાં ખેડૂતોનું વિરોધ પ્રદર્શન; ૨ હજારથી વધારે ખેડૂતો રસ્તા પર ઉતર્યા

## ૧૦૦% ટેકાના ભાવે સરકાર દ્વારા મગની ખરીદી કરવામાં આવે તેવી ખેડૂતોની માંગ

ભોપાલ,

મધ્ય પ્રદેશના રાજધાની ભોપાલમાં ૨ હજારથી પણ વધારે ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. મગની ૧૦૦ ટકા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે તેવી માંગ સાથે ખેડૂતો ભોપાલ પહોંચ્યાં છે. આજે આ ખેડૂતો ફરી એક વખત સીએમ આવાસને ઘેરવા માટે પહોંચ્યાં છે. પોલીસ દ્વારા આ ખેડૂત સંગઠનોને રોકવા માટે પ્રયત્નો કરવામાં આવ્યાં પરંતુ ખેડૂતો મોટી સંખ્યામાં હોવાથી ભોપાલ તરફ કૂંચ કરી રહ્યાં છે.

ખેડૂતોની માંગ છે કે, સરકાર મગની સંપૂર્ણ ખરીદી સ્ઝી પર કરે, એટલું જ નહીં પરંતુ સાથે ખાતરના વિતરણમાં ટોકન સિસ્ટમને પણ ખતમ કરી દેવામાં આવે! આ મામલે રાજ્યના કૃષિ પ્રધાને ખેડૂત નેતાઓ સાથે વાત કરી હતી. જેમાં આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. પરંતુ ખેડૂતો માનવા માટે તૈયાર નથી.ખેડૂતોનું કહેવું છે કે, અમને સરકારની વાતો પર વિશ્વાસ નથી. અમને લેખિતમાં બાહેધરી આપવામાં આવે! એટલે હવે ખેડૂતો અને સરકાર વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે, ખેતી માટે ઘણી મહેતન થતી હોય છે. મોંઘા ભાવે બિયારણ અને ખાતર લાવ્યાં બાદ જ્યારે પાક તૈયાર થાય છે કે, ત્યારે તેનો ભાવ મળતો નથી. જેના કારણે મોટા પ્રમાણમાં નુકસાન વેઠવાનો વારો આવે છે. ખેડૂતોએ જણાવ્યું કે, એક એકર જમીનમાંથી ૫ ક્વિન્ટલ (૫૦૦ કિલો) મગનો પાક તૈયાર થાય છે. આમાંથી ૨૦ હજાર રૂપિયા સુધીનો ખર્ચ આવતો હોય છે, પરંતુ સરકાર માત્ર એક ક્વિન્ટલ અને ૨૦ કિલો મગની ખરીદી કરે છે. તો ખેડૂતોને મોટું નુકસાન આવી રહ્યું છે. સમીકરણ સમજીએ તો, સરકાર ટેકાના ભાવે ખરીદી કરે તેમાં પ્રતિ ક્વિન્ટલ ૮,૬૬૮ રૂપિયાના ભાવે ખરીદી કરવામાં આવે છે.

# જોર્ડનમાં અમેરિકન ઠેકાણાઓને ઈરાને હચમચાવ્યાં

## ડોનાલ્ડ ટ્રમ્પના સીઝફાયર બાદ ઈરાનનો પહેલો મોટો હુમલો

તહેરાન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કૂટનીતિ અને વાટાઘાટો માટે સૈન્ય હુમલા અટકાવવાના નિર્ણયના થોડા જ દિવસો બાદ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ જોર્ડન સ્થિત યુએસ સૈન્ય બેઝ પર અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડીને મોટો હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ આ ઘટનાને અચાનક કરવામાં આવેલો હુમલો ગણાવ્યો છે. કમાન્ડ મુજબ, મંગળવારે સાંજે ૫:૪૫ વાગ્યે છોડવામાં આવેલી તમામ મિસાઈલોને હવામાં જ સફળતાપૂર્વક ઈન્ટરસેપ્ટ (રોકી) કરવામાં આવી છે. આ ઘટનામાં હાલ કોઈ જાનહાની કે મોટા નુકસાનના અહેવાલ નથી. નોંધનીય છે કે, આ એ જ જોર્ડન બેઝ છે જ્યાં ચાલુ મહિનાની શરૂઆતમાં થયેલા હુમલામાં ૨ અમેરિકન સૈનિકો માર્યા ગયા હતા, જેના જવાબમાં ટ્રમ્પે ૧૩ રાતો સુધી સતત જવાબી હુમલા કર્યા હતા.

### રાતા સમુદ્રમાં હુથીઓ દ્વારા સાઉદી તેલ ટેન્કર પર હુમલો

બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના એક તેલ ટેન્કર પર બેલિસ્ટિક મિસાઈલથી હુમલો કરવાનો દાવો કર્યો છે. હૂતી પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું કે નાકેબંધીનું ઉલ્લંઘન કરવા બદલ ટેન્કરને નિશાન બનાવાયું હતું. બ્રિટનની દરિયાઈ એજન્સી મુજબ, દક્ષિણી રાતા સમુદ્રમાંથી પસાર થઈ રહેલા એક જહાજ નજીક વિસ્ફોટ થયો છે, પરંતુ જહાજ અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.



# ગુજરાતમાં ભારે વરસાદથી ૧૦ હજાર કરોડથી પણ વધુના નુકસાનનો અંદાજ

## વિવિધ વિભાગો દ્વારા જાહેર સરકારી મિલકતો, રોડ-રસ્તા, પુલ અને વીજલાઈનોને થયેલી ક્ષતિનો આખરી તાગ મેળવવા તજવીજ : કેન્દ્ર સરકાર સમક્ષ સહાયની માગણી કરાશે

ગાંધીનગર,

ચાલુ ચોમાસામાં રાજ્યભરમાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિના કારણે ગુજરાતને ફરી એકવાર મોટો આર્થિક ફટકો પડ્યો છે. પ્રાથમિક સરકારી આંકડાઓ અને ચર્ચાઓ મુજબ રાજ્યમાં અંદાજે ૧૦ હજાર કરોડથી પણ વધુનું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. વરસાદી રાઉન્ડ પૂર્ણ થતાં જ હવે વિવિધ વિભાગો દ્વારા જાહેર સરકારી મિલકતો, રોડ-રસ્તા, પુલ અને વીજલાઈનોને થયેલી ક્ષતિનો આખરી તાગ મેળવવામાં આવી રહ્યો છે. નુકસાનીનો અંતિમ રિપોર્ટ તૈયાર



થયા બાદ રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ કેન્દ્ર સરકારને વિગતવાર મેમોરેન્ડમ મોકલીને વિશેષ નાણાકીય સહાયની રજૂઆત કરશે.

છેલ્લા કેટલાક સમયથી દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પડેલા ધોધમાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. પૂરના પાણી ઓસર્યા બાદ હવે તારાજીનું સાચું ચિત્ર સામે આવી રહ્યું છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેવાના કારણે ઉભો પાક ધોવાઈ ગયો છે, જેનાથી ખેડૂતોને વ્યાપક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ, પાણી પુરવઠો અને વીજ પુરવઠા વિભાગની મિલકતોને મોટું નુકસાન પહોંચ્યું છે. અનેક રસ્તાઓ અને પુલો તૂટી જતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. હજારો કાચા-પાકા મકાનોને ક્ષતિ પહોંચી છે. ગ્રામ વિકાસ, શહેરી વિકાસ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા નુકસાનીનો વિભાગવાર હિસાબ તૈયાર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

સરકારી અને રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, જો કુલ નુકસાનનો આંકડો ૧૦ હજાર કરોડથી વધુ રહેશે તો રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર પાસે મોટા રાહત પેકેજની મજબૂત રજૂઆત કરશે. રાજ્ય સરકાર તરફથી કેન્દ્રને સત્તાવાર મેમોરેન્ડમ સુપ્રત કરવામાં આવશે. મેમોરેન્ડમના આધારે કેન્દ્ર સરકારની એક વિશેષ પ્રતિનિધિ ટીમ ગુજરાતની મુલાકાતે આવશે. કેન્દ્રીય ટીમ અસરગ્રસ્ત વિસ્તારોનું પ્રત્યક્ષ નિરીક્ષણ અને મૂલ્યાંકન કરીને પોતાનો રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપશે, જેના આધારે આખરી સહાય મંજૂર કરવામાં આવશે.

# જખૌમાંથી ઝડપાયેલ બ્રાઉન હેરોઈન કેસમાં છ પાકિસ્તાનીઓને આઠ વર્ષની જેલની સજા

## જખૌ કિનારા નજીક દરિયામાંથી ૩૩૦ કિલોગ્રામ બ્રાઉન હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું

અમદાવાદ,

ગુજરાતમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ની વિશેષ અદાલતે છ પાકિસ્તાની નાગરિકોને આઠ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આ ચુકાદો આપ્યો. અહેવાલો અનુસાર, કોર્ટે મે ૨૦૧૯ માં તેમની પાસેથી ૩૩૦ કિલોગ્રામ "બ્રાઉન હેરોઈન" જપ્ત કરવાના સંદર્ભમાં આ પાકિસ્તાની નાગરિકોને સજા ફટકારી હતી. દરેક દોષિત વ્યક્તિને ૨૫,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. દરમિયાન, આ કેસમાં એક ભારતીય નાગરિકને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો.

આ આખો મામલો મે ૨૦૧૯નો છે. ગુજરાતના કચ્છ જિલ્લામાં જખૌ કિનારા નજીક દરિયામાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન ૩૩૦ કિલોગ્રામ "બ્રાઉન હેરોઈન" જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજે એક પાકિસ્તાની બોટને ઘેરી લીધી, ત્યારે તેમાં બેઠેલા લોકોએ ડ્રગના પેકેટ દરિયામાં ફેંકી દીધા. આ કેસમાં છ પાકિસ્તાની નાગરિકોને હવે આઠ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

એનઆઈએ સ્પેશિયલ કોર્ટના ન્યાયાધીશ હેમાંગ રાવલે પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) નિયમો, ૧૯૫૦ હેઠળ પાકિસ્તાની નાગરિકોને પાંચ વર્ષની જેલની સજા પણ ફટકારી હતી. જોકે, બંને સજા એકસાથે ચાલશે. કોર્ટે ફોરેન્સર્સ એક્ટ હેઠળ દરેક આરોપી પર ૨૫,૦૦૦ નો દંડ પણ ફટકાર્યો હતો. ગુજરાત સરકાર ડ્રગ્સ સામેની કાર્યવાહી સતત તીવ્ર બનાવી રહી છે. તાજેતરમાં, રાજ્યના ભરૂચ જિલ્લામાં પોલીસે ૨,૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ કર્યો હતો. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઘટનાસ્થળે હાજર હતા.

# અમદાવાદ એરપોર્ટ પર રૂ. ૩૫ લાખથી વધુના સોના સાથે એક મહિલાની ધકપકડ



અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરીનો વધુ એક મોટો પ્રયાસ નિષ્ફળ ગયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ અને કસ્ટમ્સ વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં દુબઈથી અમદાવાદ આવેલી એક મહિલા મુસાફરને ઝડપી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન તેના શરીરમાં ખાસ રીતે છુપાવી લાવવામાં આવેલી ગોલ્ડ પેસ્ટ મળી આવી હતી. અધિકારીઓએ મહિલા મુસાફરની વિગતવાર તપાસ કરતા શરીરમાં છુપાવવામાં આવેલી ગોલ્ડ પેસ્ટ બહાર કાઢી હતી. તપાસ બાદ અંદાજે રૂ. ૩૫ લાખથી વધુ કિંમતનું સોનુ જપ્ત કરવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં આ સોનુ ગેરકાયદેસર રીતે દેશમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડીઆરઆઈ અને કસ્ટમ્સ વિભાગે કસ્ટમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ગુજરાત પવન ઊર્જામાં બન્યું દેશનું નંબર-૧ રાજ્ય

## ૧૬,૦૮૬ મેગાવોટ સ્થાપિત ક્ષમતા સાથે નવો રેકોર્ડ

### રાજ્યએ પવન ઊર્જામાંથી ૩૩,૭૦૬ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કર્યું

ગાંધીનગર,

ગુજરાતે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, ૩૦ જૂન ૨૦૨૬ સુધી રાજ્યમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૧૬,૦૮૬ મેગાવોટ સુધી પહોંચી છે. આ સાથે ગુજરાત પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતાના મામલે દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે.

સ્થાપિત ક્ષમતાની સાથે વીજ ઉત્પાદનના ક્ષેત્રમાં પણ ગુજરાતે દેશભરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યએ પવન ઊર્જામાંથી ૩૩,૭૦૬ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કર્યું છે, જે દેશના કુલ પવન ઊર્જા ઉત્પાદનના આશરે એક-તૃતીયાંશ જેટલું છે.ગુજરાત વરસાદ એલર્ટ

ભારતે વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની ૫૦ ટકા વીજળી નવીનીકરણીય ઊર્જા સ્રોતોમાંથી મેળવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ દિશામાં ગુજરાત પવન, સૌર અને રૂફટોપ સોલાર ઊર્જા ક્ષેત્રમાં સતત આગળ રહીને રાષ્ટ્રીય લક્ષ્યને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

રાજ્યમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોકાણકારોને અનુકૂળ વાતાવરણ અને પ્રગતિશીલ નીતિઓના અમલને કારણે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રમાં ઝડપી વિકાસ નોંધાયો છે. તેના પરિણામે રાજ્યમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા અને વીજ ઉત્પાદન બંનેમાં સતત વધારો થઈ રહ્યો છે.

નવીનીકરણીય ઊર્જાના વિકાસ માટે કેન્દ્ર સરકારે ગ્રીન એનર્જી કોરિડોર યોજના, ઈન્ટર-સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ ચાર્જમાં રાહત, નેશનલ રીપાવરિંગ પોલિસી અને ઓફશોર વિન્ડ એનર્જી જેવી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ નીતિઓના કારણે પવન ઊર્જા પ્રોજેક્ટ્સને નવી ગતિ મળી છે.

ગુજરાતે પવન ઊર્જાને રાજ્યના વીજ ગ્રીડ સાથે સફળતાપૂર્વક જોડીને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં મજબૂત મોડલ ઊભું કર્યું છે. દેશમાં પવન ઊર્જા માટે નીતિ અમલમાં મૂકનાર પ્રથમ રાજ્યોમાં સ્થાન મેળવનાર ગુજરાત આજે અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.પવન ઊર્જાના ક્ષેત્રમાં મળેલી આ સિદ્ધિ માત્ર વીજ ઉત્પાદન પૂરતી મર્યાદિત નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને સ્વચ્છ ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રાજ્ય આગામી વર્ષોમાં પણ નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# અરજદાર સાથે ગેરવર્તણૂક મામલે પાટણ પાલિકાના ચીફ ઓફિસર સામે પોલીસ ફરિયાદ

પાટણ,

પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર સામે પાટણના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના કારણે સ્થાનિક રાજકારણ અને વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

અરજદાર જ્યારે ભૂગર્ભ ગટર અંગેની પોતાની રજૂઆત દરમિયાન સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી રહ્યા હતા ત્યારે ચીફ ઓફિસરે તેમની સાથે ઝપાઝપી કરી હતી અને તેમનો મોબાઈલ ફોન આંચકીને તોડી નાખ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે પીડિત અરજદારની રજૂઆતના આધારે પાટણ એ ડિવિઝન પોલીસ મથકે ચીફ ઓફિસર હિરલ ઠાકર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસરની વધુ એક વખત સરમુખત્યારશાહી અને ઉદ્ધત વર્તન સામે આવતા શહેરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પાટણના વોર્ડ નંબર ૧૧ અને વોર્ડ નંબર ૬માં ઘણા સમયથી ઉભરાતી ભૂગર્ભ ગટરની ગંભીર સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રસ્ત છે.આ અંગે જ્યારે જાગૃત અરજદારો નગરપાલિકા કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા ત્યારે ચીફ ઓફિસરે પ્રજાના સેવક હોવાનું ભૂલીને અરજદારોની વાત સાંભળવાના બદલે તેમની સાથે ગેરવર્તન કરી કચેરીમાંથી હડધૂત કરીને કાઢી મૂક્યા હતા. આ રજૂઆત દરમિયાન એક અરજદારે ચીફ ઓફિસરના ઉદ્ધત વર્તનની પોતાના મોબાઈલ કેમેરામાં વીડિયોગ્રાફી કરવાનું શરૂ કર્યું હતું.

# અમદાવાદની પતંગ હોટેલના માલિક ઉમંગ ઠક્કરની છેતરપિંડીના કેસમાં ધરપકડ

## સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં જમીન અને પ્લોટના નામે રોકાણ કરાવવાના બહાને નાગરિકો સાથે કરી હતી છેતરપિંડી

સુરત,

સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં જમીન અને પ્લોટના નામે રોકાણ કરાવવાના બહાને નાગરિકો સાથે કથિત છેતરપિંડીના કેસમાં કામરેજ પોલીસે અમદાવાદની જાણીતી પતંગ હોટેલના માલિક ઉમંગ હરીભાઈ ઠક્કરની ધરપકડ કરી છે. પોલીસે આરોપીને કાયદેસરની કાર્યવાહી બાદ જેલના હવાલે કર્યો છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

પોલીસ તપાસ મુજબ આરોપીએ કામરેજ તાલુકાના ખોલવડ ગામમાં 'નિર્વાણા' નામથી પ્લોટિંગ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. ફરિયાદ અનુસાર, જમીનનું ટાઇટલ સ્પષ્ટ ન હોવા છતાં પ્રોજેક્ટનું માર્કેટિંગ કરીને પ્લોટના બુકિંગ શરૂ કરવામાં આવ્યા હતા, જેના કારણે અનેક લોકોએ તેમાં રોકાણ કર્યું હતું.

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, જે જમીન પર પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યો હતો તે વર્ષ ૨૦૧૮માં જ અન્ય વ્યક્તિને વેચાઈ ચૂકી હતી. તેમ છતાં પ્લોટ વેચાણ ચાલુ રાખવામાં આવ્યું હોવાના આરોપો છે. આ કારણે રોકાણ કરનારાઓને પ્લોટ મળ્યા નહીં અને તેમના નાણાં પણ પરત ન મળ્યાની ફરિયાદ કરવામાં આવી છે.

કામરેજ પોલીસના જણાવ્યા મુજબ, આરોપીએ ૧૫થી ૧૬ જેટલા ફરિયાદીઓ પાસેથી પ્લોટ આપવાના વાયદા સાથે કુલ રૂ.૧.૫૬ કરોડ વસૂલ્યા હતા. જોકે, પ્લોટની ફાળવણી કરવામાં આવી નહોતી. લાંબા સમય સુધી કોઈ ઉકેલ ન આવતા ભોગ બનનારાઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

એક મહિલા સહિત અનેક ફરિયાદીઓની લેખિત અરજીના આધારે કામરેજ પોલીસે એપ્રિલ ૨૦૨૬માં ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન વિવિધ દસ્તાવેજો અને વ્યવહારોની ચકાસણી કરવામાં આવી હતી, જેના આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# સુરતની સ્કૂલમાં પીટીના પિરિયડ દરમિયાન વીજકરંટ લાગતા વિદ્યાર્થીનું દર્દનાક મોત

## સુરતના માનદરવાજા વિસ્તારમાં આવેલી સુમન પ્રાથમિક શાળાની દુ:ખદ ઘટના

સુરત,

સુરત શહેરના માનદરવાજા વિસ્તારમાં આવેલી સુમન શાળા નં. ૧૬માં મંગળવારે એક અત્યંત દુ:ખદ ઘટના બની હતી. શાળાના ધાબા પર કરંટ લાગતાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ઘટનાને લઈને પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

માંનદરવાજા વિસ્તારમાં રહેતો અબ્દુલ રહેમાન મહમદ સ્લિમ સ્થાનિક વિસ્તારની સુમન સ્કૂલ નંબર ૧૬ માં ધોરણ ૯માં અભ્યાસ કરતો હતો. સ્કૂલમાં સવારે પીટી (શારીરિક શિક્ષણ)ના પિરિયડ દરમિયાન વિદ્યાર્થીઓ શાળાના ધાબા પર ગયા હતા. ધાબા પર પીટિ ની એક્ટિવિટી પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓ ધાબા પરથી ક્લાસમાં જઈ રહ્યો હતો. આ દરમિયાન અબ્દુલ રહેમાને થાંભલો પકડી લીધો હતો.

લોખંડના લાઈટના થાંભલાને અડતાં અબ્દુલ રહેમાનને જોરદાર કરંટ લાગ્યો હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.કરંટ લાગતાં વિદ્યાર્થી ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ દુર્ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.


# અમદાવાદના બિલ્ડર નિલય પટેલની યુવતિ પર બળાત્કારના કેસમાં કરાઈ ધરપકડ

## મુંબઈ પોલીસે દિલ્હીની યુવતીની ફરિયાદના આધારે ધરપકડ કરી

અમદાવાદ,

અમદાવાદના જાણીતા બિલ્ડર અને ઉદ્યોગપતિ નિલય જશભાઈ પટેલને મુંબઈ પોલીસે દિલ્હીની એક યુવતીની ફરિયાદના આધારે બળાત્કાર અને જાતીય સતામણીના ગંભીર આરોપોમાં ધરપકડ કરી છે. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કોર્ટ દ્વારા આરોપીને ૨૯ જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યો છે.

પોલીસ તપાસ મુજબ, નિલય પટેલ વ્યાવસાયિક કામકાજ માટે મુંબઈ ગયો હતો અને એરપોર્ટ નજીક આવેલી એક ફાઈવસ્ટાર હોટલમાં રોકાયો હતો. તે જ હોટલમાં દિલ્હીની એક પરિચિત યુવતી પણ અલગ રૂમમાં રોકાઈ





હતી. ફરિયાદ અનુસાર, ૨૧ જુલાઈના રોજ બપોરે આશરે ૩:૩૦ વાગ્યે નિલય પટેલ યુવતીની મંજૂરી વિના તેના રૂમમાં પ્રવેશ્યો હતો. યુવતીએ આરોપ મૂક્યો છે કે તેણે અશ્લીલ હરકતો કરી, શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો અને બળજબરીપૂર્વક નજીક આવવાનો પ્રયાસ કર્યો. યુવતીએ વિરોધ કરતાં આરોપીને રૂમની બહાર કાઢી મૂક્યો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આ ઘટનાના બાદ પણ આરોપીએ યુવતીને સતત ફોન કોલ અને મેસેજ કરીને હેરાનગતિ ચાલુ રાખી હતી. યુવતીના જણાવ્યા મુજબ, ૨૨ જુલાઈએ આરોપીએ બળજબરીપૂર્વક તેની સાથે દુષ્કર્મ કર્યું હતું.ત્યારબાદ ૨૩ જુલાઈની રાત્રે યુવતીએ મુંબઈના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

# સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ અસરગ્રસ્ત એક હજારથી વધુ ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત

## દક્ષિણ ગુજરાતમાં આકાશી-આફત બાદ ઘર વપરાશનો મહત્તમ વીજ પુરવઠો પુન:સ્થાપિત થયો

સુરત,

દક્ષિણ ગુજરાતમાં જુલાઈમાં થયેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો ઠેર-ઠેર ખોરવાયો હતો અને કેટલાક વીજપોલ તેમજ ટ્રાન્સફોર્મરો ભારે ક્ષતિગ્રસ્ત થયા હતા. ગ્રાહકોને ઝડપથી અને સુરક્ષિત રીતે વીજ પુરવઠો મળી રહે એ માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.(GUVNL)ના માર્ગદર્શન હેઠળ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કામગીરીના સંકલન, દેખરેખ અને



રિયલ ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ માટે 24×7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવ્યો હતો, જેના માધ્યમથી તમામ વીજ વિતરણ કંપનીઓ સાથે સતત સંકલન જાળવી જરૂરી નિર્ણયો ઝડપી લેવામાં આવી રહ્યા છે. ઙ્ખ્ફ્ઝ્ર દ્વારા પૂર પ્રભાવિત વિસ્તારોમાં દિવસ-રાત સતત કામગીરી હાથ ધરી વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવ્યો છે. ફોલ્ટ વાળી લાઈનમાં તેજ ગતિથી વીજ પ્રવહન કામગીરી કરવામાં આવી રહી છે.

DGVCL હેઠળ સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ભારે વરસાદને કારણે ૬,૫૮૪ ટ્રાન્સફોર્મર, ૨૧૩ વીજ ફીડર અને ૨૦૦ વીજ પોલ પ્રભાવિત થયા હતા. દ.ગુજરાતના તમામ જિલ્લામાં પૂરનું પાણી ઓસરતા જ વીજ કંપનીઓના ઈજનેરો અને ટેક્નિકલ કર્મચારીઓએ સબસ્ટેશન, ફીડર, ટ્રાન્સફોર્મર તેમજ વીજ લાઈનોનું તાત્કાલિક નિરીક્ષણ તેમજ સર્વે શરૂ કર્યો હતો.

# અમદાવાદના વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સંવેદનશીલ નિર્ણય

## અમદાવાદ જિલ્લા,મહાનગરપાલિકા વિસ્તારમાં અસરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારો માટે આર્થિક પુન:વસન સહાય જાહેર

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં અમદાવાદ શહેરમાં ભારે વરસાદના કારણે નાના-મોટા વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારોને થયેલા આર્થિક નુકસાન અંગે અત્યંત સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ નિર્ણય અંગે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં



તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારો માટે સુરતની જેમ જ આર્થિક પુન:વસન સહાય જાહેર કરવામાં આવી છે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર હંમેશા તમામ વર્ગો પ્રત્યે સંવેદનશીલ રહી છે. નાના-મોટા વ્યાપારીઓ અને સ્વરોજગાર મેળવતા નાગરિકોના સુખ-દુ:ખમાં રાજ્યની સરકાર હંમેશા ભાગીદાર બની છે. અમદાવાદ એ ગુજરાતનું આર્થિક હૃદય છે. ભારે વરસાદના કારણે વેપારીઓને થયેલા નુકસાનમાંથી બહાર લાવવા અને તેમનો આત્મવિશ્વાસ પુન:સ્થાપિત કરી ધંધા-રોજગાર ધબધબતા કરવા એ રાજ્ય સરકારની પ્રતિબદ્ધ છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, આ પુન:વસન સહાય પેકેજ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના માણસોના વેપાર-ધંધા પૂર્વવત થઈ શકે તે માટે લારી/રેકડી, નાની કેબિન, મોટી કેબિન ધરાવતા દુકાનધારકોને ઉચ્ચક રોકડ સહાય આપવામાં આવશે.

# ૧૫મી ઓગસ્ટ-સ્વતંત્રતા દિવસ ઉજવણીની પ્રિ-ઈન્ડિપેન્ડન્ટ એક્ટિવિટી

## અમરેલી જિલ્લામાં તા. ૧૪મી ઓગસ્ટે 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત નિક્ષય પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાશે

અમરેલી:

દેશને ક્ષય (ટીબી) મુક્ત કરવાના સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આગામી તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વિશેષ નિક્ષય પોષણ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. હાલમાં અમરેલી જિલ્લામાં કુલ ૭૩૦ ટીબીના દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૬૬૫ દર્દીઓએ નિક્ષય પોષણ યોજના માટે પોતાની સંમતિ આપી છે. આ અભિયાન અંતર્ગત અગાઉ ૨૯૧ દર્દીઓને કીટ વિતરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે આગામી ૧૪મી ઓગસ્ટના રોજ યોજાનાર આ વિશેષ કાર્યક્રમમાં વધુ ૨૨૭ જરૂરિયાતમંદ ટીબી દર્દીઓને પોષણયુક્ત આહારની કીટોનું વિતરણ કરવામાં આવશે.

આ સેવાકીય કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ જેવા કે અમરેલી, બાબરા, બગસરા, ધારી, જાફરાબાદ, કુકાવાવ, ખાંભા, લાઠી, લીલીયા, રાજુલા અને સાવરકુંડલાના સ્થાનિક તાલુકા હેલ્થ ઓફિસ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને સ્વયંસેવકો જોડાશે. આ ઉમદા કાર્યમાં ડૉ. હિમન પરીખ, અંબુજા ફાઉન્ડેશન, અલ્ટ્રાટેક સિમેન્ટ - નર્મદા સિમેન્ટ (જાફરાબાદ), ડૉ. એમ. એ. સિદ્ધપુરા તેમજ લાયન્સ ક્લબ (સાવરકુંડલા) જેવી સેવાભાવી સંસ્થાઓ અને મહાનુભાવો 'નિક્ષય મિત્ર' તરીકે ઉપસ્થિત રહીને દર્દીઓને કીટોનું વિતરણ કરશે, જેથી દર્દીઓ ઝડપથી સ્વસ્થ થઈ શકે અને જિલ્લાને ટીબી મુક્ત બનાવી શકાય તેમ જિલ્લા ક્ષય અધિકારીશ્રી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીમાં જવાહર નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા તા.૩ તથા ૪ ઓગસ્ટે યોજાશે

## જિલ્લાના તમામ શાળાઓના વિદ્યાર્થીઓને ભાગ લેવા અનુરોધ

અમરેલી:

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી દ્વારા જવાહર નહેરુ જુનિયર હોકી સ્પર્ધા ૨૦૨૫- ૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા.૩ અને ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમરેલી ખાતે યોજાશે. અમરેલી જિલ્લાના તમામ શાળાઓના સબ જુનિયર અને જુનિયર કક્ષાના ખેલાડીઓને મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

૪૩મી સબ જુનિયર અંડર-૧૫ ભાઈઓ તથા ૫૪મી જુનિયર અંડર-૧૭ ભાઈઓની હોકી સ્પર્ધા તા.૩-૮-૨૦૨૬ના રોજ યોજાશે, જ્યારે ૩૨મી જુનિયર અંડર-૧૭ બહેનોની હોકી સ્પર્ધા તા. ૪-૮-૨૦૨૬ના રોજ યોજાશે. તમામ સ્પર્ધાઓ સરદાર પટેલ રમત સંકુલ, શીતલ રોડ, ગોળ દેવળમાની બાજુમાં, અમરેલી ખાતે સવારે ૮ કલાકે શરૂ થશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા સબ જુનિયર હોકી અંડર-૧૫ ભાઈઓ માટે ખેલાડીઓનો જન્મ તા.૧-૧૧-૨૦૧૧ પછી હોવો જરૂરી છે, જ્યારે જુનિયર હોકી અંડર-૧૭ ભાઈઓ અને બહેનો માટે ખેલાડીઓનો જન્મ તા.૧- ૧૧-૨૦૦૯ પછી હોવો આવશ્યક છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓએ સ્પર્ધાના દિવસે એન્ટ્રી સાથે હાજર રહેવાનું રહેશે. એન્ટ્રી જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી ખાતે સ્વીકારવામાં આવશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા અમરેલી જિલ્લાના તમામ શાળાઓને વધુમાં વધુ ખેલાડીઓ સાથે ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. સ્પર્ધા અંગે વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલીના ફોન નં. ૦૨૭૯૨ ૨૯૯૦૬૧ પર સંપર્ક કરવાનો રહેશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# આઈ.ટી.આઈ. લાઠી ખાતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી:અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા લાઠીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૩૦/૦૭/૨૦૨૬ના ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે આઈ.ટી.આઈ. લાઠી ખાતે યોજાશે.




આ મેળામાં EDF INTERNATIONAL NETWORKS કંપની દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારની વય ૧૮ થી ૫૦ વર્ષ હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત આઈ.ટી.આઈ ઈલેક્ટ્રીશીયન / વાયરમેન માટે ધોરણ ૧૦ અને ૧૨ પાસ સાથે ૧ વર્ષનો અનુભવ જરૂરી છે. પગાર રૂ. ૨૫ હજાર પ્રતિ માસ રહેશે. કાર્યસ્થળ અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ રહેશે. EDF INTERNATIONAL NETWORKS કંપનીમાં માત્ર પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ ભરતીમેળાના સ્થળે પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા જેવા જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. ખાસ નોંધનીય છે કે, ભરતીમેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ ફરજીયાતપણે અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી http://anubandham.gujarat.gov.in/account/signup. લિંક પર કરવાનું રહેશે. આ ભરતીમેળા અંગે વધુ વિગતો માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨- ૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ૨૯ જુલાઈ, વિશ્વ વાઘ દિવસ

વિશ્વભરમાં ૨૯ જુલાઈનાં દિવસે વાઘ દિવસ મનાવવામાં આવે છે. વાઘ ફેલિડે (બિલાડી, જંગલી બિલાડી અથવા પેન્થેરા ટાઈગ્રીસ વગેરે)નાં પરિવારનો એક સભ્ય છે. તે ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે. વિશ્વમાં વાઘની લગભગ ૭૦ ટકા વસતી ભારતમાં રહે છે. વાઘોની ઘટતી સંખ્યા તેમજ તેના સંરક્ષણ માટેની જાગૃતતા ફેલાવાનાં હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો નિર્ણય વર્ષ ૨૦૧૦માં સેન્ટ પીટર્સ બર્ગ " ટાઈગર સમ્મિટ " માં કરવામાં આવ્યો હતો. વિશ્વમાં દિવસે દિવસે ઘટતા જતા વાઘોનું રક્ષણ કરવું આવશ્યક હતું, આ બાબતે કશું ન કરવામાં આવે તો વાઘ ધીમે ધીમે અલિપ્ત થવાને આરે હતા માટે આ સંમેલનમાં વાઘની આબાદી



ધરાવતા ૧૦ દેશોએ એવું કહ્યું કે વર્ષ ૨૦૨૦ સુધી તેઓ વાઘની આબાદી બમણી કરશે.

સૌથી મોટી વાઘની પેટા જાત સાઈબેરીયન વાઘ છે. કોઈ પણ પરિસ્થિતિમાં રહેવા ટેવાયેલા આ વાઘની શ્રેણી સાઈબેરીયન તાઇગા,ખુલ્લી ઘાસ આચ્છાદિત જમીન થી લઈને ઉષ્ણકટીબંધીય વૃક્ષ વિસ્તારમાં જળબંબાકારમાં પણ રહી શકે છે. તેઓ અમુક પ્રદેશમાં રહે છે અને સામાન્ય રીતે એકલું રહેનાર પ્રાણી છે. ભારતમાં બાંધવગઢ નેશનલ પાર્ક (મધ્યપ્રદેશ), પેંચ ટાઈગર રીઝર્વ(મધ્યપ્રદેશ), રણથંભોર નેશનલ પાર્ક(રાજસ્થાન), જીમ કોર્બેટ નેશનલ પાર્ક(ઉતરાખંડ) ચાર રાષ્ટ્રીય ઉદ્યાનોમાં જ વાઘ જોવા મળે છે.

સમયની સાથે વિલુપ્ત થતા વન્ય જીવોમાં વાઘ પણ એવુ પ્રાણી છે જેની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. એક રિપોર્ટ અનુસાર વિશ્વમાં હાલ માત્ર ૪૦૦૦થી પણ ઓછા જંગલી વાઘ બચ્યા છે. વાઘને રાષ્ટ્રીય પ્રાણી ઘોષિત કરવામાં આવ્યું છે તેથી તેની રક્ષા કરવી એ દેશના દરેક નાગરિકની ફરજ છે.

# દહીંથરા પ્રાથમિક શાળા ખાતે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ




(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

દામનગર ના દહીંથરા પ્રાથમિક શાળા ખાતે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાય લાઠી તાલુકા કાનૂની સેવા સતા મંડળ અને નામદાર જ્યૂડી મેજી ના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા લીગલ ઓથોરિટીઇ ના સંકલન થી લાઠી તાલુકા માં નાલસા જાગૃતિ યોજના અંતર્ગત યોજાયેલ કાનૂની માર્ગદર્શન શિબિર માં દામનગર હોમગાર્ડ કમાંડર નરેશભાઈ રાજયગુરુ ની ઉપસ્થિતિ માં આચાર્ય દેવીલાલ સહિત શિક્ષક સ્ટાફ શાળા પરિવાર સહિત પ્રાથમિક શાળા ના વિદ્યાર્થી ઓ વિદ્યાર્થીની ઓની ઉપસ્થિતિ માં કાયદા વિષયક સમજ અપાય હતી સરળ રીતે કાયદાકીય બાબતો અને અનેક પ્રકાર ના ક્રાઈમો માટે જાગૃત બનો નાની નાની બાબતો થી વિદ્યાર્થી ઓને સ્વગત કરાયા હતા

# સાવરકુંડલાના ગીણીયા ગામમાં સખી સેન્હમીલન, સાથે નેત્ર નિદાન શિબિર

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:સાવરકુંડલા ના ગીણીયા ગામ ની સખી મંડળ દવારા અન્ય કરતા અનોખું આયોજન કરી સેન્હમિલન સમારંભ યોજાયો. જેમાં નેત્ર નિદાન શિબિર, રાહત દરે ચશ્મા વિતરણ કરાયું.

નેત્રદાન કેમ્પ દાતાશ્રીઓ નું અને દરેક દીકરીઓનો કંકુ પુષ્પ વડે સ્વાગત સન્માન કરાયું .પહેલાને જૂની યાદગીરી રમતગમત રમાઈ, સમૂહ ભોજન,દરેક દીકરીઓને દાન આપવામાં આવ્યું. તેમજ જૂની યાદો ને વાગોળવા નાનપણ મા ગોળા, ટીકડા, ભૂતડો ખાતા તેમ પહેલાંના જમાનામાં જેવી દુકાનમાં જે વસ્તુ રાખતા હોય એ વસ્તુને બધુય ત્યાં ડેકોરેશન મા રાખવાં મા આવી હતી સાથે ગોરમાનો પ્રોગ્રામ હતો.લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક પ્રેરિત આભાર મિશન અને લાયન વિઝન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રમુખ શ્રી ચિરાગ ભાઈ વિરાણી,




કૌતિકભાઈ પટોળીયા સહયોગ અને શ્રી ઘનશ્યામ ભાઈ નનું ભાઈ કોઠિયા, ગીણીયા વાળા પુરતો સહયોગ આપ્યો, જેમાં ગીણીયા ગામ ની તમામ બહેનો ,દીકરીઓ, સાસુ, વહુ, નણંદ, ભોજાઈ, નારી શક્તિ એ સ્નેહમિલન કાર્યક્રમ પહેલો કાર્યક્રમ ને સફળ બનાવવા મા સમસ્ત ગીણીયા ગામની સખી સ્નેહ મિલન તથા શ્રી હરિ સેવા સેતુ જાગૃતિ બેન ડોબરીયા, વિલાસબેન ડોબરીયા, નીતાબેન કોઠીયા, સુમિતાબેન કોઠીયા, જયશ્રીબેન કોઠીયા, સોનલબેન કોઠીયા, ઘનશ્યામભાઈ કોઠીયા, અનિલભાઈ કોઠીયા, હરેશભાઈ રૈયાણી, મનુભાઈ કોઠીયા, જીતુભાઈ કોઠીયા, હર્ષદભાઈ કોઠીયા, રમેશભાઈ દુધાત, ગુણવંતભાઈ ડોબરીયા, ચિરાગભાઈ કોઠીયા સર્વો સહયોગ આપ્યો હતો છેલ્લા ઘણા સમયથી સુરત મા સૌરાષ્ટ મા ગામ, પરિવાર, ની દિકરી ના સેન્હમિલન થાય છે.

# "યાદોના આંગણે સખી સંગમ મહોત્સવ":વર્ષો પછી મળેલી સખીઓની આંખોમાં ખુશીના આંસુઓ છલકાયા

## પ્રેમપરા (ધારી) ગામની દીકરીઓનો સ્નેહમિલન સમારોહ સુરતમાં ભવ્ય અને લાગણીસભર માહોલમાં યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સમય બદલાય છે, સંજોગો બદલાય છે, સરનામા બદલાય છે. પરંતુ બાળપણમાં બંધાયેલા સ્નેહના સંબંધો ક્યારેય બદલાતા નથી. વર્ષો પહેલાં એકજ ગામમાં સાથે ઉછરેલી, સાથે રમેલી, સાથે ભણેલી અને લગ્ન બાદ જીવનની નવી સફરમાં અલગ-અલગ શહેરો અને રાજ્યોમાં સ્થાયી થયેલી પ્રેમપરા (ધારી) ગામની દીકરીઓ અનેક દાયકાઓ પછી, ફરી એકવાર એક જ મંચ ઉપર ભેગી થઈ હતી, ત્યારે લાગણીઓનો એવો પ્રવાહ સર્જાયો કે અનેક બહેનોની આંખોમાં ખુશીના આંસુઓ આવી ગયા.

"યાદોના આંગણે સખી સંગમ મહોત્સવ" – પ્રેમપરા (ધારી) ગામની દીકરીઓનું પ્રથમ સ્નેહમિલન સમારોહ મોટા વરાછા, સુરત ખાતે અત્યંત ભવ્ય, સુવ્યવસ્થિત અને યાદગાર રીતે યોજાયો હતો.

સૌથી વિશેષ ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે વર્ષો પછી એકબીજાને અચાનક સામે જોઈ બહેનો દોડી જઈને એકબીજાને ભેટી પડી. કોઈની આંખોમાં ખુશીના આંસુ હતા, તો કોઈ બાળપણની સખીને ઓળખીને ભાવવિભોર થઈ ગઈ. વર્ષોનું અંતર પળવારમાં ઓગળી ગયું.

બાળપણની શાળા, ગામના રસ્તાઓ, ખેતરો, મેળા, તહેવારો અને લગ્ન પહેલાંની નિર્દોષ યાદો ફરી જીવંત બની ગઈ. વિવિધ બહેનોએ પોતાના બાળપણના પ્રસંગો યાદ કરતાં જણાવ્યું કે કેવી રીતે તેઓ સાથે ભણ્યા, રમ્યા, હસ્યા, ક્યારેક નાની-મોટી રીસ પણ કરી અને આજે વર્ષો પછી ફરી એકવાર એ જ સ્નેહ અને આત્મીયતા સાથે મળવાનો અવસર મળ્યો છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન અનેક ભાવુક ક્ષણોએ ઉપસ્થિત સૌના હૃદયને સ્પર્શી લીધા.

સ્નેહમિલનમાં માત્ર સુરત જ નહીં પરંતુ ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓ ઉપરાંત મહારાષ્ટ્ર રાજ્યમાંથી પણ બહેનોએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી, જે કાર્યક્રમની સફળતા અને પ્રેમપરા (ધારી) પ્રત્યેના અતૂટ લાગણીસભર સંબંધનું સુંદર પ્રતિબિંબ બન્યું. તેમજ બાળપણની યાદોને તાજી કરતી અનેક પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળપણમાં રમાતી રમતો ફરી રમતા દરેક બહેન જાણે વર્ષો પાછળ પોતાના બાળપણમાં પહોંચી ગઈ હોય એવો આનંદ અનુભવી રહી હતી. ત્યારબાદ સૌએ ઉત્સાહપૂર્વક રાસ અને ગરબાનો આનંદ માણ્યો અને સમગ્ર વાતાવરણ રંગીન બની ગયું.

સમારોહના દાતાશ્રી જગદીશભાઈ રણછોડભાઈ વાડદોરીયા, દાતાશ્રી કુંદનબેન રમણીકભાઈ બોધરા, દયાબેન બાબુભાઈ પટોળિયા, મૂકતાબેન પોપટભાઈ કોરાટ, ઝંખના રતિભાઈ કોરાટ, આરતીબેન જગદીશભાઈ વાડદોરિયા સહીત વિવિધ દાતાશ્રીનો વિશેષ સન્માન કરીને તેમના ઉદાર સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. તેમજ મહિલાઓના યોગદાનને બિરદાવવા માટે "નારી શક્તિ સન્માન" યોજાયું અને વિવિધ રીતે સહયોગ આપનાર અન્ય દાતાશ્રીઓ અને શુભેચ્છકશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યુ.

"યાદોના આંગણે સખી સંગમ મહોત્સવ" એ સાબિત કર્યું કે સમય અને અંતર ભલે કેટલુંય વધે, પરંતુ બાળપણમાં બંધાયેલા સ્નેહના સંબંધો હંમેશા અખંડ રહે છે. આ પ્રથમ સ્નેહમિલન સમારોહે દરેક બહેનના હૃદયમાં એવી અવિસ્મરણીય યાદો અંકિત કરી છે, જે વર્ષો સુધી સૌના મનમાં જીવંત રહેશે અને આગામી વર્ષોમાં વધુ ભવ્ય સ્વરૂપે ફરી મળવાની પ્રેરણા આપતી રહેશે.



આ સમારોહનું સુચારૂ આયોજન, ટીમવર્ક અને નિ:સ્વાર્થ સેવાભાવને કારણે કાર્યક્રમ અત્યંત સફળ અને યાદગાર બની શક્યો. આ પ્રથમ સ્નેહમિલનને સફળતાના શિખરે પહોંચાડવામાં આયોજક ટીમના અસ્મિતાબેન ધીરુભાઈ અકબરી, આરતીબેન જગદીશભાઈ વાડદોરીયા, નિરલબેન જયંતીભાઈ રંગાણી, ક્રિષ્નાબેન પ્રફુલભાઈ વાડદોરીયા, ગીતાબેન ચતુરભાઈ વાડદોરીયા, રંજનબેન નનુભાઈ બાબરીયા, હંસાબેન છગનભાઈ બાબરીયા, સુનીતાબેન બાબુભાઈ બાબરીયા, મનીષાબેન મજેઠીયા, મેનાબેન પરસોતમભાઈ હિરાણી, હિરલબેન ઘનશ્યામભાઈ પટોળીયા નો વિશેષ અને અવિસ્મરણીય ફાળો રહ્યો હતો. આ ઉપરાંત વિવિધ સમિતિઓના સભ્યો, સ્વયંસેવકો, ગામના ભાઈઓ, દાતાશ્રીઓ તથા દરેક સહયોગીએ પોતાના કાર્યને સેવા સમજીને નિભાવ્યું હતું. સૌના સમર્પણ, ઉત્સાહ, આયોજન કૌશલ્ય અને ટીમવર્કના કારણે સમગ્ર કાર્યક્રમ અત્યંત ભવ્ય, સુવ્યવસ્થિત અને યાદગાર બની શક્યો.

તમામ બહેનોએ સાથે મળીને સ્નેહભોજનનો આનંદ માણ્યો તેમજ કાર્યક્રમના સમાપન પ્રસંગે આયોજન સમિતિ દ્વારા સૌનો હૃદયસ્પર્શી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. "સખી સ્નેહમિલન" ને સફળ બનાવવા માટે આયોજન, સંકલન અને દરેક નાની-મોટી જવાબદારી નિષ્ઠાપૂર્વક તથા નિ:સ્વાર્થ ભાવે નિભાવનાર તમામ બહેનોના અમૂલ્ય યોગદાનને સમગ્ર સભાએ તાળીઓના ગડગડાટ સાથે બિરદાવ્યું હતું. વિદાયની ક્ષણો પણ એટલી જ ભાવુક રહી હતી, કારણકે વર્ષો પછી મળેલી સખીઓ ફરીથી એકબીજાને ભેટીને આંખોમાં ખુશીના આંસુ સાથે "ફરી જલ્દી મળીશું" એવી લાગણી વ્યક્ત કરી રહી હતી.

આભારવિધિમાં આયોજન સમિતિએ જણાવ્યું હતું કે, "આ કાર્યક્રમની સૌથી મોટી સફળતા માત્ર ભવ્ય આયોજન નહીં, પરંતુ વર્ષો પછી ફરીથી જીવંત બનેલા સંબંધો, હાસ્યથી ગુંજતું બાળપણ અને સૌનો નિ:સ્વાર્થ સહયોગ છે. આપ સૌનો પ્રેમ અને સહયોગ જ અમારી સૌથી મોટી શક્તિ છે. હાર્દિક આભાર અને અભિનંદન... ફરી ખૂબ જ જલ્દી મળીશું."

આ સાથે "યાદોના આંગણે સખી સંગમ મહોત્સવ" – પ્રેમપરા (ધારી) ગામની દીકરીઓનું પ્રથમ સ્નેહમિલન સમારોહ ભાવુક અને અવિસ્મરણીય યાદો સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.


જાહેર હરાજી

અમરેલી તાલુકા હેલ્થ કચેરી નીચેની વિગતે ભંગાર ની જાહેર હરાજી કરવાની હોય જેમાં નીચેની વિગતે વસ્તુઓ જેવી કે આરામ ખુરશી,સાદી ખુરશી , ટેબલ,લોખંડ નાં કબાટ,લાકડા નાં કબાટ નો જાહેર હરાજી થી નિકાલ કરવાનો હોય તો રસ ધરાવતા ઇસમો એ જાહેર હરાજી માં નીચેના સરનામે હાજર રહેવું.તા.૧૦/૦૮/૨૦૨૬ ને સોમવાર સાંજના ૪-૦૦ કલાકે

તાલુકા હેલ્થ ઓફીસર,તાલુકા હેલ્થ કચેરી અમરેલી સિવિલ હોસ્પીટલ કેમ્પસ ની પાછળ તા.જી.અમરેલી ૩૬૫૬૦૧

સહી

તાલુકા હેલ્થ ઓફિસર-અમરેલી

જીમાક/અમર/૪૯૩/૨૫



દામનગર નગરપાલિકા - દામનગર

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી દામનગર નગરપાલિકા, દામનગર, જી. અમરેલી દ્વારા સરકારશ્રી દ્વારા મંજુર થયેલ કામગીરી કરાવવા માટે નીચે મુજબની વિગતે ઓનલાઈન ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | અંદાજિત રકમ |
|---|---|---|
| ૧ | સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતગર્ત ડમ્પ સાઇટ ખાતે નવા લેગેસી વેસ્ટ નિકાલની કામગીરી | ૧૩,૩૭,૩૫૨ |
| ૨ | સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતગર્ત દામનગરના અવેડા ચોક પાસે આવેલ જુના ટોઇલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરી | ૭,૪૮,૮૦૦ |

ઉપરોક્ત બંને કામગીરીના ઓનલાઈન ટેન્ડર તારીખ ૦૭/૦૮/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. દામનગર નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

(વિ.જે.ડેર) ચીફ ઓફિસર દામનગર નગરપાલિકા

(બી.એમ. ગોસ્વામી) પ્રમુખ દામનગર નગરપાલિકા

જીમાક/અમર/૯૯૨/૨૫



સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સારવારનું વૈશ્વિક સરનામુ બનતું ભારત

આજે ભારતમાં સૌથી સારી અને સર્વોત્તમ સારવાર થાય છે આજે વિશ્વના મોટાભાગના દેશોના નાગરિકો પોતાના નાના-મોટા રોગો માટે માટે ભારતનો પ્રવાસ ખેડી રહ્યા છે.મેડિકલ ટુરિઝમ એટલે શું એ પ્રશ્ન હવે માત્ર પુસ્તકની વ્યાખ્યા પૂરતો રહ્યો નથી. સરળ ભાષામાં કહીએ તો જ્યારે કોઈ વ્યક્તિ પોતાના દેશમાં મોંઘી, અપૂરતી કે લાંબી રાહ જોવડાવે તેવી સારવારને બદલે બીજા દેશમાં વધુ સારી, સસ્તી અને ઝડપી સારવાર માટે પ્રવાસ કરે ત્યારે તેને મેડિકલ ટુરિઝમ કહેવાય છે. આ પ્રવાસ માત્ર હોસ્પિટલ પૂરતો મર્યાદિત નથી હોતો. તેમાં વિઝા, હવાઈ મુસાફરી, રહેવાની વ્યવસ્થા, ભાષાંતરની સેવા અને સાજા થયા પછીના આરામનો પણ સમાવેશ થાય છે. એક સમય હતો જ્યારે ભારતના ધનિક લોકો નાની-મોટી બીમારી માટે પણ અમેરિકા કે ઇંગ્લેન્ડ જતા હતા. આજે ચિત્ર સાવ બદલાઈ ગયું છે. દુનિયા હવે ભારત તરફ સારવાર માટે જોઈ રહી છે.તમે છાપામાં વાંચ્યું હશે તે આંકડા આ બદલાવની સાક્ષી પૂરે છે. વર્ષ ૨૦૦૯ માં જ્યારે માંડ એક લાખ બાર હજાર વિદેશી દર્દીઓ ભારત આવતા હતા, ત્યારે ૨૦૨૫ માં આ સંખ્યા પાંચ લાખ સાત હજારને પાર કરી ગઈ છે. સોળ વર્ષમાં લગભગ સાડા ચાર ગણો વધારો એ કોઈ નાની વાત નથી. આજે ભારતનું મેડિકલ ટુરિઝમ માર્કેટ પંચાવન હજાર કરોડ રૂપિયાનું થઈ ગયું છે અને અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં તે એક લાખ પાંચ હજાર કરોડને પાર કરી જશે. આ વૃદ્ધિ પાછળ માત્ર એક કારણ નથી. સૌથી મોટું કારણ છે ખર્ચમાં રહેલો આસમાન-જમીનનો તફાવત. અમેરિકામાં હાર્ટ બાયપાસ સર્જરીનો ખર્ચ સિત્તોતેર લાખ રૂપિયાથી વધુ થાય છે, જ્યારે ભારતમાં તે જ સર્જરી ઉત્તમ હોસ્પિટલમાં છ થી સાત લાખમાં થઈ જાય છે. હિપ રિપ્લેસમેન્ટ કે આઈવીએફ જેવી સારવારમાં પણ એંસીથી પંચાણું ટકા સુધીની બચત થાય છે. વિદેશી દર્દી માટે આ બચત તેના પરિવાર માટે નવી આશા સમાન છે.પરંતુ માત્ર સસ્તી સારવારના કારણે જ કોઈ પોતાનો જીવ જોખમમાં મૂકીને બીજા દેશમાં ન આવે. ભારત પાસે આજે જે બીજી સૌથી મોટી મૂડી છે તે છે વિશ્વાસ. ભારતમાં બાર લાખથી વધુ રજિસ્ટર્ડ ડોક્ટર્સ છે અને લગભગ ઓગણસિત્તેર હજાર હોસ્પિટલોનું વિશાળ નેટવર્ક છે, જેમાં છાંસઠ ટકા ખાનગી ક્ષેત્ર પાસે છે. આ હોસ્પિટલોમાં અત્યાધુનિક ટેકનોલોજી, રોબોટિક સર્જરી અને તાત્કાલિક લેબોરેટરી રિપોર્ટની સુવિધા છે. વિદેશી દર્દી ભારત આવે તે પહેલાં જ ડિજિટલ માધ્યમથી ડોક્ટર સાથે વાત કરી શકે છે, સારવારનો ખર્ચ પહેલેથી નક્કી કરી શકે છે. આ પારદર્શિતા તેનામાં વિશ્વાસ જગાડે છે. સરકારે પણ આ દિશામાં ખૂબ સરળતા કરી છે. આજે એકસો બોત્તેર દેશોને ઈ-મેડિકલ વિઝા આપવામાં આવે છે. એટેન્ડન્ટ માટે પણ અલગ વિઝા છે. હીલ ઈન ઈન્ડિયા જેવું કોમન પોર્ટલ બનાવવામાં આવ્યું છે જેથી દર્દીને હોટલ શોધવા માટે દોડવું ન પડે.આનો ફાયદો ભારતને અનેક રીતે થઈ રહ્યો છે. સૌથી પહેલો ફાયદો સીધો વિદેશી હૂંડિયામણનો છે. પાંચ લાખ દર્દીઓ સાથે તેમના સગા-સંબંધીઓ પણ આવે છે, તેઓ મહિનાઓ સુધી રોકાય છે, હોટલમાં રહે છે, ખાય-પીવે છે, ફરે છે. આનાથી હોસ્પિટલ ઉપરાંત હોટલ, ટ્રાન્સપોર્ટ અને ફાર્મા ઉદ્યોગને પણ મોટો વેગ મળે છે. બીજો મોટો ફાયદો રોજગારનો છે. આ ક્ષેત્રે માત્ર ડોક્ટર કે નર્સ જ નહીં, પણ ભાષા અનુવાદક, ટુર ઓપરેટર, મેડિકલ ગાઈડ જેવા હજારો નવા વ્યવસાયો ઉભા થયા છે. ત્રીજો અને સૌથી મહત્વનો ફાયદો છે ભારતની સોફ્ટ પાવરનો.

# મેઘરાજાનો સ્વિંગ મૂડ... આવે છે પરંતુ રોકાતા નથી !





**ક્લિક કોર્નર** -જયદીપ એ. દવે.

છત્રી સાથે રાખીએ તો વરસાદ ગાયબ થઈ જાય અને છત્રી ઘરે મૂકી નીકળીએ તો વરસાદ આપણને શોધતો આવી જાય !, ભાવનગરમાં મેઘરાજાનો સ્વિંગ મૂડ જોવા મળી રહ્યો છે, ઘડીભરમાં એકાદ વાદળું વરસી જાય અને થોડી વારમાંતો રોડ પણ એવો સુકાઈ જાય કે જાણે થોડા સમય પહેલાં વરસાદ પડ્યો જ ન હોય! હવે બસ એટલી જ આશા કે મેઘરાજા આ મિજાજી સ્વભાવને થોડું સાતત્ય આપે અને માત્ર રસ્તા નહીં, લોકોના હૃદયને પણ સાચા અર્થમાં ભીંજવી જાય.


# જેના માથે છે ભગવાન-ગુરૂ, એની સાથે રહે સદા પૂર્ણિમા

આંખ છીપ, અંતર મોતી- આચાર્ય રાજહંસ

જંગલમાં ફસાઈ એક અબલા,
પણ જરાય ના ડરી એક પ્રબલા

એને શું કરી શકે દુનિયાની બલા? જેની સાથે છે પ્રભુ મહાવીર સબલાપ

ઘનઘોર જંગલમાં એક રૂપવતી યુવતી ઊભી છે. અંગેઅંગમાંથી લાવણ્ય નીતરે છે એવી એક યુવતી જંગલના એકાંત વાતાવરણમાં ઊભી છે. અને એની સામે ઊભો છે



એક રૂપવાન યુવાન.. દેવોના રૂપને પણ શરમાવે એવો એ યુવાન યુવતીની નજીક જ ઊભો છે. યુવતીની નજરો નીચી છે. યુવાન નીચ નજરે તે યુવતીને જોઈ રહ્યો છે. યુવતીના સૌંદર્યને પોતાની આંખોથી તે ગટગટ પી રહ્યો છે.

યુવાન જાણે લુચ્ચો શિયાળ અને યુવતી જાણે કામણગારી હરણીપ શિયાળ એ રીતે એ હરણીની નજરોમાં જોઈ રહ્યો છે, જાણે હમણાં જ શિયાળ આ હરણીના શિયળને લૂંટવાપ એને પીંખી નાંખવા તૈયારી કરી રહ્યો હોય.

યુવતીએ ચારેબાજુ નજર દોડાવી. ક્યાંય કોઈ દેખાતું નથી. માણસ તો શું, કોઈ પશુ-પંખી પણ ત્યાં નજીકમાં ક્યાંય નથી. કદાચ બૂમ પાડે તો કોઈક પશુ પણ બચાવવા આવી જાય. પણ અહીં એવું દૂર દૂર સુધી કોઈ દેખાતું નથી.

યુવાને પણ ચારેકોર નજર દોડાવી લીધી. આ યુવતી કદાચ અહીં શોરબકોર-ચીસાચીસ કરે તો કોઈ અહીં સાંભળનારું નથી. અહીં કોઈ યુવતીને બચાવનાર નથી, અથવા તો પોતાને અટકાવનાર નથી.

યુવતીએ વિચાર્યું - હવે મારે હિંમતથી કામ લેવું પડશે. ડરીને કંઈ નહીં થાય. હિંમતભર આગળ વધવું પડશે.

યુવાને વિચાર્યું - હવે મારે હિંમત દેખાડી દેવી જોઈએ. જે બહાદુરીથી આનું અપહરણ કરીને લાવ્યો છું, એ હિંમતનો સમય બરાબર છે. મારે મારું કામ ઝડપભેર પૂરું કરી દેવું જોઈએ.

અને યુવાન થોડોક આગળ વધ્યોપ હાથ લંબાવ્યોપ

તો યુવતી પણ હિંમતભેર ત્યાંજ ઊભી રહીપ જરાય ડગમગી નહીં.

યુવાને કહ્યું - 'સુંદરી ! તારું સુંદર રૂપ જોઈ હું તારા પર મોહિત થયો છું. તારી કમનીય કાયાનું મને ઘેલું લાગ્યું છે. હું તારો પ્રેમ પીવા-તારું સૌંદર્ય માણવા તને અહીં લાવ્યો છું. તને પત્ની બનાવવા ચાહું છું. કેમકે હું તને દિલથી ચાહું છું. તને મારા દિલની રાણી બનાવવા ચાહું છું.'

યુવતીએ જરાય ગભરાયા વિના કહી દીધું - 'હું તને જરાય ચાહતી નથી. મારી નજીક આવતો નહીં. મારા દિલમાં તારું કોઈ સ્થાન નથી. મારું આ સૌંદર્ય મારા પ્રિયતમને હું આપી ચુકી છું. હવે આ દેહ પર એકમાત્ર મારા એ પ્રિયતમનો એકાધિકાર છે. એ જ આ દેહને હાથ લગાડી શકે અને સાથ-સંગાથ માણી શકે. તું દૂર જ રહેજે.'

યુવાન કહે - 'અહીં હું તને તારું ભાષણ સાંભળવા નથી લાવ્યો. તને ભોગવવા માટે આ જંગલના એકાંત વાતાવરણમાં ઉપાડી લાવ્યો છું. અહીં બચાવનાર કોઈ નથી. તારી બૂમો સાંભળે એવું કોઈ જ નથી. અહીં હું તારી આ કાયા સાથે ગમે તે કરું, મને અટકાવનાર કોઈ આવવાનું નથીપળ

યુવતીએ ફરી આજુબાજુ નજર કરી.

યુવાને વાતને આગળ વધારી. 'જો તું સીધી રીતે મને મારું કામ કરવા દઈશ, તો તને પીડા નહીં થાય. પણ આનંદ થશે. સહમતીથી-સંમતિથી થયેલ ભોગ-સંભોગ તો આનંદનું કારણ છે. અને જો નહીં માને તો મને બળજબરી-બળાત્કાર કરતાં પણ આવડે છે. આજે હું તને છોડવાનો નથી.' અને આટલું કહી તે આગળ વધ્યોપ યુવતીની છેક નજીક પહોંચી ગયો..

યુવતીએ હવે સિંહણનું સ્વરૂપ ધારણ કરી લીધું. એણે ત્રાડ પાડી - 'ખબરદાર, જો આગળ વધ્યો છે. મને હરણી ના સમજતો. હું વીર છું. મહાવીરના ઘરની છું. મને અહિંસા ગમે છે, પણ સમય આવે તો હિંસાને પણ અહિંસા જ ગણું છું.'

'તું મારી જાળમાં અત્યારે ફસાઈ ચુકી છું. તું મને મારી શકે એમ નથી. કારણ કે હું વરદાન લઈને આવેલો છું. અને મને બચતા પણ આવડે છે. હવે તું બચી શકે એમ નથી.' યુવાને સુંદરીની લગોલગ પહોંચતા કહ્યું.

'તો મને આપઘાત કરતાં પણ આવડે છે. જીવતેજીવ આ દેહને નહીં જ અભડાવા દઉં.' સુંદરીએ સિંહગર્જનાની સાથે-સાથે ઝેરી હીરાકણી ચૂસવાની તૈયારી કરતાં કહ્યુંપ

**વિશેષ**

ક્ષત્રિયકુંડ નગરીના રાજા સિદ્ધાર્થના મહારાણી ત્રિશલાની કૂખે ત્રણ પુત્રરત્નોનો જન્મ થયો. નંદીવર્ધન, વર્ધમાન અને સુદર્શનાપ

નંદીવર્ધનના લગ્ન ચેટકરાજાની દીકરી જ્યેષ્ઠા સાથે થાય છે. આ બાજુ માતા-પિતાના અવસાન પછી વર્ધમાન સ્વામી સંયમ સ્વીકારી કેવળજ્ઞાન પામી ભગવાન મહાવીર તરીકે આ પૃથ્વીતલને પાવન કરીને વિચરી રહ્યા છેપ.

એકવાર ભગવાન મહાવીરની દેશના સાંભળીને ઇંદ્ર મહારાજાએ પોતાના દેવભવનમાં જ્યેષ્ઠાના સતીત્વની અને ધર્મસાધનાની પ્રશંસા કરી. આ પ્રશંસા સહન ન કરી શકનાર એક દેવે દેવમાયા ઊભી કરી. પરીક્ષાની તૈયારી કરી.ભગવાન મહાવીર (સંસારી પક્ષે દેવર મહારાજ)ના શ્રીમુખે બાર વ્રત ધારણ કરનાર જ્યેષ્ઠાનું આ દેવે અપહરણ કર્યું. જ્યેષ્ઠાના સતીત્વની પરીક્ષા કરવા માટે યુવાનરૂપે એની પાસે ભોગયાચના કરી. પણ એના સતીત્વની અને હિંમતથી અંજાઈ ગયેલો દેવ એમના ચરણોમાં પડે છે.

ભગવાન મહાવીર સ્વામીના ભાભીની ક્ષમાયાચના કરે છે. એમની પર ખુશ થઈને એમને બે દિવ્યકુંડળ ભેટ કરે છે અને એમના ઘેર હેમખેમ મૂકી દે છે.

પ્રભાવના

ભગવાન મહાવીર સ્વામીની વાત તેઓશ્રીમદના ભાભીએ ઘરે આવ્યા પછી પોતાની પ્રજાને કહી - 'આ જીવનને સાર્થક કરવા સૌએ બાર વ્રત ધારણ કરવા જોઈએ.' અને તે પછી જ્યેષ્ઠા સતીએ દીક્ષા લઈ મોક્ષપદને પામ્યા.

જે ભગવાન મહાવીરનું તા. ૧૯ જુલાઈના રોજ ૨૬૨૫નું ચ્યવન કલ્યાણક (ગર્ભાવતરણ દિવસ) હતું, તે ભગવાન મહાવીરના મોટાભાઈ શ્રી નંદિવર્ધને વાતને આગળ વધારતા કહ્યું - 'ચાતુર્માસકાળમાં આ બાર વ્રતની સાધના વિશેષરૂપે કરવી જોઈએ. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિ પાપોનો વધુમાં વધુ ત્યાગ કરવો જોઈએ. પૂજા, સામયિક, ધ્યાન, સ્વાધ્યાય આદિ સાધના જોરશોરમાં કરવી જોઈએ.'

ધ્યાન રહે કે અત્યારે ૨૮ જુલાઈએ ચાતુર્માસ પ્રારંભ થાય છે અને ૨૯ જુલાઈએ ગુરૂપૂર્ણિમા દિવસ આવે છે. ૨૮ જુલાઈએ સાંજે પ્રતિક્રમણ કરીને ચાતુર્માસમાં સાધનાનો નિયમ લેવો અને ૨૯ જુલાઈએ સવારે ગુરુ પૂર્ણિમાએ ગુરુની પાસે જઈને સાધનાની શરૂઆત કરવી.

# ગુરુપૂર્ણિમાઃ અંધકારથી અજવાળા તરફની અંતરયાત્રા

આષાઢ માસની પૂર્ણ ચંદ્રમાની શીતળ રાત્રિ, જ્યારે આકાશ પોતાના પૂર્ણ વૈભવ સાથે ઝળહળતું હોય છે, ત્યારે ભારતીય સંસ્કૃતિના આંગણામાં ગુરુપૂર્ણિમાનો પાવન પર્વ ઉજવાય છે. આ કેવળ એક તિથિ નથી, આ તો કૃતજ્ઞતાનો મહોત્સવ છે. મહર્ષિ વેદવ્યાસ, જેમણે વેદોનું વિભાજન કરીને જ્ઞાનની અખૂટ ગંગા માનવજાત માટે વહેતી કરી, તેમના પ્રાગટ્ય દિવસ તરીકે આ પર્વને વ્યાસપૂર્ણિમા પણ કહેવામાં આવે છે. જેમ પૂર્ણિમાનો ચંદ્ર પોતાના પ્રકાશથી ધરતીના અંધકારને ઉજાળે છે, તેમ ગુરુ પોતાના જ્ઞાનપ્રકાશથી શિષ્યના જીવનમાં વ્યાપેલા અજ્ઞાન, મોહ અને ભ્રમના તિમિરને દૂર કરે છે. આ દિવસ ગુરુના ચરણોમાં પોતાના અહંકારને સમર્પિત કરી, તેમની કરુણાને હૃદયથી વધાવવાનો દિવસ છે. તે આપણને યાદ અપાવે છે કે વિદ્યા, કળા કે આધ્યાત્મ, કોઈપણ ક્ષેત્રમાં શિખર સુધી પહોંચવા માટે એક માર્ગદર્શક, એક દીવાદાંડી અનિવાર્ય છે.

**ગુરુ અને શિષ્યનો સંબંધ જગતના અન્ય તમામ સંબંધોથી અલગ અને અતિ પવિત્ર છે. તે રક્તનો સંબંધ નથી, તે આત્માનો અનુબંધ છે.**

ગુરુ અને શિષ્યનો સંબંધ જગતના અન્ય તમામ સંબંધોથી અલગ અને અતિ પવિત્ર છે. તે રક્તનો સંબંધ નથી, તે આત્માનો અનુબંધ છે. આ સંબંધ બજારમાં મળતી વસ્તુ નથી કે જેને શોધી શકાય, તે તો પાત્રતા પ્રગટે ત્યારે પ્રસાદ રૂપે પ્રાપ્ત થાય છે. જ્યારે શિષ્યના હૃદયમાં સત્યને પામવાની તીવ્ર તરસ, અંતરમાં નિખાલસ જિજ્ઞાસા અને જીવનમાં સમર્પણની સુગંધ પ્રગટે છે, ત્યારે સૃષ્ટિનું સમગ્ર રહસ્ય તેને ગુરુના દ્વાર સુધી દોરી જાય છે. આ આકર્ષણ બાહ્ય નથી, આંતરિક છે.

બીજી તરફ ગુરુ કોઈ વ્યક્તિ માત્ર નથી, તે એક તત્વ છે, એક ચેતના છે. જ્યારે કોઈ સાધકમાં જ્ઞાનની પરિપક્વતા અને હૃદયમાં અપાર કરુણા એકસાથે વસે છે, ત્યારે તે ગુરુપદને પામે છે. આવા કરુણાવાન ગુરુને શોધવા માટે શિષ્યોએ ભટકવું પડતું નથી, યોગ્ય પાત્રતા ધરાવતા શિષ્યો કુદરતી રીતે જ તેમની તરફ ખેંચાઈ આવે છે, જેમ નદીઓ પોતાનો માર્ગ શોધતી અંતે સાગરને મળે છે. આ સંગમ કોઈ યોજનાનું પરિણામ નથી, પણ બે પવિત્ર ઊર્જાઓનું દિવ્ય મિલન છે. ગુરુ શિષ્યને નવું જીવન આપતા નથી, પણ તેની અંદર સુષુપ્ત પડેલા જીવનને જગાડે છે.

આધ્યાત્મિક પથ પર આગળ વધતા સાધકના મનમાં એક સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જો દરેક શિષ્ય માટે તેનો ગુરુમંત્ર અલગ અને વિશિષ્ટ હોય, તો પછી શ્રીકૃષ્ણ શરણં મમ, ઓમ નમો ભગવતે વાસુદેવાય કે ગાયત્રી મંત્ર જેવા પ્રસિદ્ધ મહામંત્રોનું શું સ્થાન? શું તેનો જાપ સામાન્ય માનવી કરી શકે? આ શંકાનું સમાધાન આપણા ઋષિઓએ અત્યંત સુંદર રીતે આપ્યું છે.

શાસ્ત્રોમાં વર્ણવેલા સાર્વત્રિક મંત્રો એ માનવ કલ્યાણ માટે વરસતો અમૃત મેઘ છે. ગાયત્રી મંત્ર, જેને વેદમાતા કહેવામાં આવે છે, તે બુદ્ધિને તેજોમય બનાવનારો છે. ઓમ નમો ભગવતે વાસુદેવાય એ બાર અક્ષરનો એવો તારક મંત્ર છે જે ભવસાગરમાંથી તારે છે. શ્રીકૃષ્ણ શરણં મમ એ શરણાગતિનો પરમ મંત્ર છે, જ્યાં ભક્ત પોતાની તમામ ચિંતાઓ કૃષ્ણના ચરણોમાં મૂકી દે છે. આ મંત્રો સ્વયંસિદ્ધ છે. તેમને સિદ્ધ કરવા માટે કોઈ વિશેષ વિધિની આવશ્યકતા નથી, માત્ર શ્રદ્ધા, પ્રેમ અને નિષ્ઠા જ તેમનું પ્રાણતત્વ છે.આ મંત્રો કોઈ એક વ્યક્તિ કે સંપ્રદાયની મિલકત નથી, તે સમગ્ર માનવજાતનું આધ્યાત્મિક ધન છે. જ્યાં સુધી જીવનમાં સદગુરુનો પ્રવેશ ન થયો હોય, ત્યાં સુધી આ સાર્વત્રિક મંત્રો જ સાધક માટે નાવિક સમાન છે. તેમનો નિયમિત જાપ ચિત્તની મલિનતાને ધોઈ નાખે છે, મનની ચંચળતાને શાંત કરે છે અને હૃદયમાં એક સૂક્ષ્મ

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

પવિત્રતા જન્માવે છે. આ પવિત્રતા જ એ પાત્રતા છે જે આગળ જઈને સદગુરુને આકર્ષે છે. માટે દીક્ષાના અભાવે ક્યારેય મંત્રજાપ બંધ ન કરવો, આ સાર્વત્રિક મંત્રોને જ પોતાના જીવનનો આધાર બનાવવા.


સાર્વત્રિક મંત્રો જો ખુલ્લા આકાશમાં વહેતી સર્વસુલભ હવા સમાન છે, તો ગુરુમંત્ર એ ગુરુના હૃદયમાંથી શિષ્યના હૃદયમાં સીધો રેડવામાં આવતો સંજીવની રસ છે. દરેક જીવની પ્રકૃતિ ભિન્ન છે. કોઈનો સ્વભાવ સાત્વિક છે, કોઈનો રાજસિક, કોઈના પૂર્વજન્મના સંસ્કારો અલગ છે, કોઈની નાડી અને ઊર્જાનું બંધારણ જુદું છે. જેમ વૈદ્ય દરેક રોગીની નાડી પરીક્ષા કરીને તેને અનુરૂપ ઔષધ આપે છે, તેમ સમર્થ ગુરુ પોતાની દિવ્ય દૃષ્ટિથી શિષ્યના અંતરના તારને ઓળખી લે છે.ગુરુ જ્યારે શિષ્યને એકાંતમાં, પવિત્ર ક્ષણોમાં કાનમાં મંત્ર આપે છે, ત્યારે તે માત્ર શબ્દોનું ઉચ્ચારણ નથી હોતું. તે મંત્રની સાથે ગુરુના વર્ષોની તપસ્યા, તેમની સાધનાનું તેજ, તેમનો સંકલ્પ અને તેમનું પ્રત્યક્ષ ચૈતન્ય જોડાયેલું હોય છે. આ મંત્ર બીજ મંત્ર બની જાય છે. ગુરુ તેને પોતાના પ્રાણથી અભિમંત્રિત કરીને આપે છે, તેથી તે શિષ્યના હૃદયની ભૂમિમાં તરત જ અંકુરિત થાય છે. આ મંત્ર ગુપ્ત રાખવાનું કારણ પણ એ જ છે, તે ગુરુ અને શિષ્ય વચ્ચેનો અત્યંત અંગત સેતુ છે, જેને જાહેર કરવાથી તેની ઊર્જા વીખરાઈ જાય છે. સાર્વત્રિક મંત્ર શુદ્ધિ આપે છે, જ્યારે ગુરુમંત્ર મુક્તિના દ્વાર ખોલે છે.

આધ્યાત્મિક યાત્રાનો સૌથી નાજુક અને મહત્વપૂર્ણ વળાંક ગુરુ પ્રાપ્તિ પછી આવે છે. ગુરુ મળવા એ અંત નથી, સાચી શરૂઆત ત્યાંથી જ થાય છે.

જ્યાં સુધી સદગુરુ જીવનમાં ન આવે ત્યાં સુધી પોતાના ઈષ્ટદેવના સાર્વત્રિક મંત્રને સંપૂર્ણ નિષ્ઠા અને પ્રેમથી હૃદયમાં ધારણ કરી રાખવો. તેને જ પોતાનો આધાર, પોતાનો શ્વાસ સમજીને તેનો અખંડ જાપ કરવો. આ જાપ જ તમને યોગ્ય માર્ગદર્શક સુધી લઈ જશે.

અને જ્યારે પરમ સૌભાગ્યથી ગુરુનો હાથ તમારા મસ્તક પર મુકાય, જ્યારે તેઓ તમને દીક્ષા આપીને ગુરુમંત્ર પ્રદાન કરે, ત્યારે સમજવું કે હવે જીવનનું કેન્દ્ર બદલાઈ ગયું છે. હવે ગુરુએ આપેલો મંત્ર જ તમારા જીવનની ધરી બનવો જોઈએ. અન્ય તમામ જાપને ગૌણ કરીને, ગુરુમંત્રને પ્રાથમિકતા આપી, એકાગ્ર ચિત્તે તેનું અનુષ્ઠાન કરવું. આ મંત્ર જ હવે તમારો શ્વાસ છે, તમારું તપ છે, તમારું સર્વસ્વ છે.

એનો અર્થ એ નથી કે ગાયત્રી કે કૃષ્ણ મંત્ર પ્રત્યેનો પ્રેમ ઓછો કરવો. જો હૃદયમાં તેમના માટે અનન્ય લાગણી હોય, તો ગુરુની આજ્ઞા લઈને તેમનું સ્મરણ



ચાલુ રાખી શકાય. ગુરુ ક્યારેય ઈષ્ટ પ્રત્યેના પ્રેમને રોકતા નથી, તે તો તે પ્રેમને વધુ વિશાળ બનાવે છે. યાદ રાખવું, માર્ગ ભલે અલગ દેખાય, લક્ષ્ય તો એક જ છે, અને તે લક્ષ્ય સુધી પહોંચવાની ચાવી શ્રદ્ધા, સમર્પણ અને ગુરુ આજ્ઞાનું પાલન જ છે.

# આઈસીસીની મેન્સ ટી ૨૦ વર્લ્ડ કપને વધુ વિસ્તૃત કરવાની તૈયારી : ૨૪ ટીમની યોજના

મુંબઈ,

આઈસીસી પુરુષોના ટી ૨૦ વર્લ્ડ કપને વધુ વિસ્તૃત કરવાની તૈયારી કરી રહ્યું છે.રિપોર્ટ્સ અનુસાર, ૨૦૩૨ થી ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા વર્તમાન ૨૦ થી વધીને ૨૪ થઈ શકે છે. વધુમાં,આઈસીસીનો લાંબા ગાળાનો ધ્યેય ટુર્નામેન્ટમાં ૩૨ દેશોનો સમાવેશ કરવાનો છે, જેથી શક્ય તેટલા દેશોમાં ક્રિકેટ પહોંચાડી શકાય. બ્રિટિશ અખબાર ધ ટેલિગ્રાફના એક વિશિષ્ટ અહેવાલ મુજબ,આઈસીસી આગામી થોડા વર્ષોમાં ટી ૨૦ વર્લ્ડ કપના ફોર્મેટમાં મોટો ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૩૨ ના સંસ્કરણથી ૨૪ ટીમોનું ફોર્મેટ લાગુ કરી શકાય છે. ભવિષ્યમાં તેને ૩૨ ટીમો સુધી વિસ્તૃત કરવાની પણ યોજના છે.

ખરેખર,આઈસીસી છેલ્લા કેટલાક વર્ષોમાં તેની વૈશ્વિક ટુર્નામેન્ટનો સતત વિસ્તાર કરી રહ્યું છે. ૨૦૨૪ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં પહેલીવાર ૧૬ ને બદલે ૨૦ ટીમોનો સમાવેશ થયો હતો. આ સંખ્યામાં વધુ વધારો કરવાની યોજનાઓ સૂચવે છે કે આઈસીસી નવા દેશો અને નવા પ્રેક્ષકો સુધી તેની પહોંચ મજબૂત બનાવવાનું વિચારી રહી છે.




રિપોર્ટ મુજબ, ટુર્નામેન્ટમાં ટીમોની સંખ્યા વધારવાનો સૌથી મોટો વ્યાપારી ફાયદો એ થશે કે મુખ્ય ક્રિકેટ બજારોની ટીમોને વધુ મેચ રમવાની તક મળશે. ભારતને આનો સૌથી મોટો લાભાર્થી માનવામાં આવે છે, કારણ કે ભારતીય ટીમ વૈશ્વિક ક્રિકેટમાં સૌથી વધુ વ્યાપારી આકર્ષણ ધરાવે છે. મેચોમાં ભારતીય ટીમની ભાગીદારીમાં વધારો થવાથી પ્રસારણ અધિકારો અને જાહેરાત આવકમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. આ જ કારણ છે કે આઈસીસી વૈશ્વિક વિસ્તરણ અને વ્યાપારી સંભાવના બંનેને ધ્યાનમાં રાખીને આ વ્યૂહરચના ઘડી રહ્યું છે.

આઈસીસીએ પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે ૨૦૩૦ થી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા પણ વધારીને ૧૬ કરવામાં આવશે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આઈસીસી તેની મુખ્ય ટુર્નામેન્ટને વધુ સમાવિષ્ટ અને વૈશ્વિક બનાવવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. જો કે, ટીમોની સંખ્યા વધારવાના પ્રસ્તાવને કેટલાક પ્રશ્નો પણ છે. નિષ્ણાતો માને છે કે ૨૪- અથવા ૩૨-ટીમની ટુર્નામેન્ટ મજબૂત અને ઉભરતી ટીમો વચ્ચે વધુ એકતરફી સ્પર્ધાઓ તરફ દોરી શકે છે, જે સ્પર્ધાના સ્તરને અસર કરી શકે છે.

# ભારત વિરુદ્ધ શ્રીલંકા ટેસ્ટ શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયા બીજી મેચ રમશે

મુંબઈ,

આગામી મહિને ભારત અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ શ્રેણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મ્ઝ્રૈં એ ટીમની જાહેરાત કરી છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શ્રેણીમાં કયા ખેલાડીઓ રમશે અને કયા ખેલાડીઓને બાકાત રાખવામાં આવશે. એટલું જ નહીં, પરંતુ ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણી શરૂ થતાં પહેલાં એક પ્રેક્ટિસ મેચ પણ રમશે. આની જાહેરાત પણ થઈ ગઈ છે, અને તેની તારીખ પણ જાહેર થઈ ગઈ છે. શુભમન ગિલ ફરી એકવાર ટીમનું નેતૃત્વ કરશે, જેમાં કેએલ રાહુલ ઉપ-કેપ્ટન હશે.



ટીમ ઈન્ડિયા ઓગસ્ટમાં શ્રીલંકાનો પ્રવાસ કરવાનું છે, જ્યાં બે ટેસ્ટ મેચની શ્રેણી રમાશે. શ્રેણીની પહેલી મેચ ૧૫ ઓગસ્ટથી શરૂ થશે અને ૧૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે, બીજી મેચ ૨૩ ઓગસ્ટથી શરૂ થશે. આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ભાગ રૂપે રમાશે, જ્યાં ટીમ ઈન્ડિયા પોઈન્ટ ટેબલમાં એકદમ નીચું સ્થાન ધરાવે છે. શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ભારત પાસે શ્રેણી જીતવાની અને પોઈન્ટ ટેબલમાં આગળ વધવાની તક હશે. જોકે, આ કાર્ય સરળ રહેશે નહીં. શ્રીલંકાની ટીમ ઘરે ખૂબ જ મજબૂત રીતે રમે છે, અને ત્યાં તેમને હરાવવા મુશ્કેલ છે .આ દરમિયાન ,બીસીસીઆઈએ શ્રેણી માટે ટીમની જાહેરાત કરી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલાં, ટીમ ઈન્ડિયા ચાર દિવસની પ્રેક્ટિસ મેચ રમશે.

# સૂર્યકુમાર યાદવે ટીમ ઈન્ડિયામાં વાપસી માટે પોતાની તૈયારીઓ ફરી શરૂ કરી દીધી

મુંબઈ,

ભારતના ભૂતપૂર્વ ટી ૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ છેલ્લા કેટલાક દિવસોથી ગુમ હતા, પરંતુ રાત્રે ૧૨:૫૭ વાગ્યે, સૂર્યાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી. તેમાં, તેમણે લખ્યું કે રવિવાર એક મજેદાર દિવસ હતો. તેમણે ઝડપથી દોડ્યા અને ત્રણ કલાકમાં લગભગ ૧,૦૦૦ બોલ રમ્યા. તે સારું લાગ્યું. સૂર્યાએ પોતાની તૈયારીનો એક વીડિયો પણ શેર કર્યો, જે દર્શાવે છે કે સૂર્યાએ ટીમ ઈન્ડિયામાં વાપસી માટે પોતાની તૈયારીઓ ફરી શરૂ કરી દીધી છે.



ટીમ ઈન્ડિયાએ સૂર્યાની કેપ્ટનશીપ હેઠળ ૨૦૨૬નો વર્લ્ડ કપ જીત્યો હશે, પરંતુ તે દરમિયાન તેમણે ઘણા રન બનાવ્યા નથી. વર્લ્ડ કપ પછી, જ્યારે સૂર્યા આઈપીએલમાં તેમની ટીમ મુંબઈ ઈન્ડિયન્સ માટે રમ્યો, ત્યારે તે ત્યાં પણ રન બનાવવામાં નિષ્ફળ ગયો. જેના પરિણામે તેમણે ટીમમાં પોતાનું સ્થાન ગુમાવ્યું. શ્રેયસ ઐયરને તેમના સ્થાને નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, શ્રેયસની શરૂઆત ખરાબ રહી હતી. તેમની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયા આયર્લેન્ડ સામે શ્રેણી હારી ગઈ હતી, ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે શ્રેણી હારી ગઈ હતી. ત્યારબાદ તેમને ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. જોકે, શ્રેયસનું નસીબ પાટા પર આવી ગયું છે. તેમની કેપ્ટનશીપ હેઠળ ટીમે ઝિમ્બાબ્વે સામે શ્રેણી જીતી હતી.

જ્યારે સૂર્યકુમાર યાદવ રમી રહ્યો હતો, ત્યારે તે ફક્ત એક જ ફોર્મેટમાં જોવા મળ્યો હતો. જોકે તે ટેસ્ટ અને વનડે પણ રમ્યો હતો, પરંતુ ત્યાં તેને ફિટનેસ મળી ન હતી અને તે ટી ૨૦ સુધી મર્યાદિત રહ્યો હતો. આવી સ્થિતિમાં, સૂર્યા હવે ફરીથી તે ફોર્મેટમાં પરત ફરી શકે છે. ટીમ ઈન્ડિયા ટૂંક સમયમાં કોઈ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમશે નહીં. ભારતીય ટીમ ઓગસ્ટમાં ટેસ્ટ શ્રેણી માટે શ્રીલંકા જશે. ત્યારબાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમ સપ્ટેમ્બરમાં ભારતની મુલાકાત લેશે.

# પાંચ ઓવરમાં પાંચ વિકેટ અને શૂન્ય રન : વેસ્ટ ઈન્ડીઝના બોલરે પાકિસ્તાન સામે અનોખી સિદ્ધિ હાંસલ કરી

નવીદિલ્હી,

પાંચ ઓવર અને પાંચ વિકેટ. દરેક ઓવરમાં એક વિકેટ, અને તે પણ એક પણ રન આપ્યા વિના. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ અનોખી સિદ્ધિ ક્યારેય સાંભળી કે કલ્પનામાં નહોતી. પરંતુ હવે વેસ્ટ ઈન્ડીઝના બોલર જસ્ટિન ગ્રીવ્સે પહેલી વાર આ સિદ્ધિ હાંસલ કરી છે. ગ્રીવ્સે પહેલી વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધ પાકિસ્તાન ટેસ્ટમાં પાકિસ્તાનની કમર તોડી નાખી છે. ટેસ્ટ ક્રિકેટમાં આ ગ્રીવ્સે પહેલી પાંચ વિકેટ લીધી છે. મેચ હજુ પણ ચાલુ છે.



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પહેલો મેચ વેસ્ટ ઈન્ડિઝ અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહ્યો છે. આ મેચનો ત્રીજો દિવસ એક ઐતિહાસિક ઘટના બની ગયો છે. વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર જસ્ટિન ગ્રીવ્સે સતત પાંચ ઓવરમાં પાંચ વિકેટ લીધી, કોઈ રન આપ્યા વિના. જ્યારે ગ્રીવ્સે ઈનિંગ્સની ૬૪મી ઓવર ફેંકવા આવ્યો, ત્યારે તેણે ઓવરના પાંચ બોલ પર કોઈ રન આપ્યો નહીં અને છેલ્લા બોલ પર એક વિકેટ લીધી. ત્યારબાદ તેણે ૬૬મી ઓવર ફેંકી, બીજા બોલ પર એક વિકેટ લીધી અને બાકીના બોલ પર કોઈ રન આપ્યો નહીં. ત્યારબાદ તેણે ૬૮મી ઓવર ફેંકી, ત્રીજા બોલ પર એક વિકેટ લીધી અને કોઈ રન આપ્યો નહીં. ૭૦મી ઓવરમાં, તેણે ચોથા બોલ પર એક વિકેટ લીધી. ૭૨મી ઓવરમાં, તેણે છેલ્લા બોલ પર બીજી વિકેટ લીધી અને કોઈ રન આપ્યો નહીં. આ પોતાનામાં એક અનોખો રેકોર્ડ છે.

જસ્ટિન ગ્રીવ્ઝનું પ્રદર્શન ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં અભૂતપૂર્વ રહ્યું છે. ગ્રીવ્ઝ સોશિયલ મીડિયા સેન્સેશન પણ બન્યા છે. ગ્રીવ્સે આ ઈનિંગ્સ દરમિયાન કુલ ૧૧ ઓવર ફેંકી હતી, જેમાંથી ૭ ઓવર મેડન હતી. તેણે ૨૭ રન આપીને પાંચ વિકેટ લીધી હતી.

# પંકજ ત્રિપાઠીને મેલબોર્નના ભારતીય ફિલ્મ મહોત્સવમાં સન્માનિત કરવામાં આવશે

મુંબઈ,

અભિનેતા પંકજ ત્રિપાઠીને ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન ૨૦૨૬ માં પ્રતિષ્ઠિત 'આર્ટિસ્ટ ઓફ ડિસ્ટિંક્શન' એવોર્ડ પ્રાપ્ત થવા માટે તૈયાર છે. આ સન્માન ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે આપવામાં આવી રહ્યું છે. આ એવોર્ડ દેશના સૌથી આદરણીય કલાકારોમાંના એક તરીકેની તેમની શાનદાર ફિલ્મ કારકિર્દીની ઉજવણી કરે છે.



આ એક ખાસ પ્રસંગ હશે જ્યારે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ફેસ્ટિવલમાં હાજરી આપશે અને વ્યક્તિગત રીતે એવોર્ડ પ્રાપ્ત કરશે. આ સન્માન વિશે બોલતા, પંકજ ત્રિપાઠીએ કહ્યું, "ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નમાં 'આર્ટિસ્ટ ઓફ ડિસ્ટિંક્શન' એવોર્ડ મેળવવો મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. એક અભિનેતા તરીકે, મેં હંમેશા માન્યું છે કે વાર્તાઓમાં ભાષા કે ભૂગોળની સીમાઓ પાર કરીને હૃદયને જોડવાની અને લોકોને નજીક લાવવાની અદ્ભુત શક્તિ હોય છે.આઈએફએફએમ જેવા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર મારી યાત્રાને માન્યતા મળવી ખરેખર ખાસ અને અર્થપૂર્ણ છે."

અભિનેતાએ આગળ કહ્યું, "મારી કારકિર્દીનો દરેક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ફિલ્મ નિર્માતાઓ, લેખકો, દિગ્દર્શકો, સાથી કલાકારો, ટેકનિશિયનો અને સૌથી ઉપર, મારા કામને આટલા પ્રેમથી સ્વીકારનારા પ્રેક્ષકોના વિશ્વાસ અને સમર્થનને કારણે શક્ય બન્યો છે." આ સન્માન જેટલું મારું છે તેટલું જ તેમનું છે. બિહારના એક નાના ગામમાંથી આવતા, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે હું જે વાર્તાઓનો ભાગ બનીશ તે એક દિવસ દુનિયા સુધી પહોંચશે અને આ રીતે પ્રશંસા પામશે.

# જાતિ આધારિત અનામત અંગેની વિવાદાસ્પદ પોસ્ટ ખોટી, મારા નામે જુઠ્ઠાણું ફેલાવવામાં આવી રહ્યું છે : શિલ્પા શેટ્ટી

મુંબઈ,

બોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી શિલ્પા શેટ્ટીએ સોશિયલ મીડિયા પર તેના નામે ફરતા થઈ રહેલા અનામત અંગેના વિવાદાસ્પદ અને ખોટા નિવેદન પર કડક પ્રતિક્રિયા આપી છે. આ દાવાને સંપૂર્ણપણે ખોટો, પાયાવિહોણો અને બનાવટી ગણાવતા, અભિનેત્રીએ સ્પષ્ટતા કરી કે તેણે ક્યારેય આ પ્રકારનું કંઈ કહ્યું નથી. તેણીએ તેના ચાહકો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓને પણ અપીલ કરી કે તે તેના નામે ફરતી આવી ભ્રામક પોસ્ટ પર વિશ્વાસ ન કરે.

જાતિ આધારિત અનામત અંગે શિલ્પા શેટ્ટીના મંતવ્યો રજૂ કરવાનો દાવો કરતી એક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ ફાટી નીકળ્યો હતો. નિવેદનમાં અભિનેત્રીને અનામત પ્રણાલી નાબૂદ કરવાના પક્ષમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, શિલ્પાએ આ વાતનો સંપૂર્ણપણે ઈનકાર કર્યો હતો અને સ્પષ્ટપણે કહ્યું હતું કે આવી કોઈ પણ પોસ્ટ સાથે તેનો કોઈ સંબંધ નથી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ, જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું હતું, પર પોતાનો ગુસ્સો ઠાલવતા શિલ્પાએ લખ્યું હતું કે, "મને અનામત અંગે ખોટા નિવેદનો મારા નામે કરવામાં આવી રહ્યા છે તે જોઈને મને ખૂબ જ આઘાત લાગ્યો છે. આ સંપૂર્ણપણે બનાવટી અને દ્વેષપૂર્ણ જૂઠાણું છે. કૃપા કરીને આવા ખોટા સમાચારનો શિકાર ન બનો!" આ સ્પષ્ટતા દ્વારા, શિલ્પાએ સ્પષ્ટ કર્યું કે શબ્દો કે અભિપ્રાય બંને તેના નથી.

રિપોર્ટ્સ અનુસાર, ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થયેલી એક નકલી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે શિલ્પાએ જાતિ આધારિત અનામત વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. તેમના નામે લખાયેલા ખોટા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે સામાન્ય શ્રેણીના ડોકટરોએ ફક્ત સામાન્ય શ્રેણીના દર્દીઓની જ સારવાર કરવી જોઈએ, જ્યારે અન્ય સમુદાયના ડોકટરોએ તેમના પોતાના સમુદાયના દર્દીઓની સારવાર કરવી જોઈએ. પોસ્ટમાં વધુમાં દલીલ કરવામાં આવી હતી કે જો આવી વ્યવસ્થા લાગુ કરવામાં આવે તો લોકો પોતે જ અનામત નાબૂદ કરવાની માંગ કરવાનું શરૂ કરશે, કારણ કે અનામત દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરી શકાતી નથી. સંવેદનશીલ સામાજિક મુદ્દા સાથે જોડાયેલા હોવાને કારણે, આ વિવાદાસ્પદ પોસ્ટે ઝડપથી ઓનલાઈન ધ્યાન ખેંચ્યું.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગી | રી | ભા | પ્ર | મ | ઊ | ર | ણ | ભો | ભ | બા | સા |
| પ્ર | ળ | તી | ણિ | મા | આ | ળ | આ | અ | ર | મ | ત |
| ઉ | લ | ગ | ક | સા | દ | ત | તુ | ણ | મ | લ | રો |
| ખ | દ | ળ | ણિ | સા | ચી | બા | ર | ળ | કા | દ | ક |
| ફ | ર | જ | વા | મ | ળ | કુ | દ | ક્ષ | ત | ત | બ |
| ર | મો | ર | ધ | પ્રા | કી | કા | શિ | બા | મા | ર | આ |
| સ | ર | પ્ર | સા | દ | મા | કા | કુ | લ | કી | સા | કા |
| પ્ર | સ | ગ | બિ | ત | ડી | ણિ | ન | મ | ગં | ર | ઐ |
| ળો | તુ | ત | મ | સા | આ | ચા | ક | બ | ધ | અ | દ |
| પ્ર | ર | ડો | રા | બં | ળ | ચી | બં | ણે | ક | લ | મ |
| બ | રા | બ | ર | કી | બા | અઃ | રી | લા | બૂ | હિ | ગ |
| વિ | ઊ | વા | મ | ગં | ણ | અં | અં | ળ | મા | અઃ | ર |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# પંજાબી અભિનેત્રી ઈશા રિખીએ રેપર બાદશાહથી અલગ થવાનો સંકેત આપ્યો



ચંડીગઢ,

પંજાબી અભિનેત્રી ઈશા રિખી અને પ્રખ્યાત રેપર બાદશાહના અંગત જીવન અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. તેમના લગ્નને થોડા મહિના જ થયા છે, અને અણબનાવ અને અલગ થવાની અફવાઓ તીવ્ર બની છે. એશા દ્વારા તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી પોસ્ટ્સે વ્યાપક ચિંતા ફેલાવી હતી, જેના કારણે તેણીએ ઈન્સ્ટાગ્રામ પર એક ઊંડો ભાવનાત્મક અને વ્યક્તિગત સંદેશ શેર કર્યો હતો. કોઈનું નામ લીધા વિના, તેણીએ તેના લગ્ન જીવનમાં ભય, મૌન અને લાચારીની પીડા વ્યક્ત કરી હતી.

આ પોસ્ટમાં, એશાએ તે માનસિક અને ભાવનાત્મક લડાઈઓ વિશે વાત કરી હતી જે બહારથી ક્યારેય દેખાતી નથી. તેણીએ લખ્યું હતું કે આવી ઘણી લડાઈઓ શરીર પર કોઈ દેખીતા ડાઘ છોડતી નથી. અભિનેત્રીએ સ્વીકાર્યું કે તે લાંબા સમય સુધી ફક્ત એટલા માટે મૌન રહી કારણ કે તે ડરતી હતી. તેણીએ કહ્યું કે તેના પતિના પ્રભાવ, શક્તિ અને સંસાધનોએ તેણીને એટલી ડરાવી દીધી હતી કે તેણીને લાગ્યું કે ચૂપ રહેવું એ સૌથી સુરક્ષિત પગલું છે.

તેણીની મજબૂત નોંધમાં, એશાએ સ્પષ્ટ કર્યું કે તેણીની મૌનને ક્યારેય સંમતિ અથવા સંમતિ તરીકે અર્થઘટન ન કરવું જોઈએ. તેણીના શબ્દોમાં, મૌન ક્યારેય સંજોગોનો સ્વીકાર નહોતો, પરંતુ સ્વ-રક્ષણનું સાધન હતું. તેણીએ લખ્યું હતું કે તે હવે ભય પર હિંમત પસંદ કરી રહી છે.

# દક્ષિણના સુપરસ્ટાર રામ ચરણ હોસ્પિટલમાં દાખલ અમેરિકન ડોક્ટરોની ટીમે કાંડાની જટિલ સર્જરી કરી

હૈદરાબાદ,

દક્ષિણ સિનેમાના પાવર સ્ટાર રામ ચરણના ચાહકો ચિંતિત થઈ ગયા જ્યારે અભિનેતાના હાથની ઈજાના સમાચાર ઓનલાઈન સામે આવ્યા. આ ચિંતા ત્યારે વધુ વધી ગઈ જ્યારે તેઓ તેમના પરિવાર સાથે કોઈમ્બતુર જવા માટે એરપોર્ટ પર જોવા મળ્યા. હવે, અભિનેતાના ચાહકો માટે થોડી રાહત છે. રામ ચરણના હાથની સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે, અને તેઓ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા છે. તેમની આગામી ફિલ્મના સેટ પર હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સનું શૂટિંગ કરતી વખતે આ અકસ્માત થયો હતો, જેના કારણે ડોકટરોએ શક્ય તેટલી વહેલી તકે સર્જરીની ભલામણ કરી હતી.

રામ ચરણની ટીમને તેમના જમણા કાંડામાંથી મળેલી માહિતી અનુસાર, રામ ચરણને તેમના જમણા હાથમાં ગંભીર ઈજા થઈ હતી, જે ફિલ્મ "પેદ્ડી" ના શૂટિંગ દરમિયાન વધુ ખરાબ થઈ ગઈ હતી. તેમને કોઈમ્બતુરની પ્રખ્યાત ગંગા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોએ પુષ્ટિ આપી હતી કે સર્જરી સંપૂર્ણ સફળ રહી હતી. તે ખૂબ જ જટિલ અને જટિલ પ્રક્રિયા હતી, જે લેપ્રોસ્કોપિક પદ્ધતિનો ઉપયોગ કરીને અત્યંત ચોકસાઈ સાથે કરવામાં આવી હતી. ડોકટરોની ટીમે યોજના મુજબ પ્રક્રિયા કરી હતી, અને રામ ચરણ હાલમાં સંપૂર્ણપણે સ્થિર સ્થિતિમાં છે.રામ ચરણની કાંડાની ઈજાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ભારત અને વિદેશના અગ્રણી ડોકટરોની એક ટીમ એકઠી કરવામાં આવી હતી. આ સર્જરીનું નેતૃત્વ ગંગા હોસ્પિટલના ચેરમેન અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત ઓર્થોપેડિક સર્જન ડૉ. એસ. રાજશેખરન દ્વારા કરવામાં આવ્યું હતું. ઈજાની જટિલતાને ધ્યાનમાં રાખીને, અમેરિકાના મિયામીના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત હાથ અને કાંડા સર્જન ડૉ. અલેજાન્ડ્રો બડિયાને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ડૉ. એસ. રાજશેખરન, ડૉ. અલેજાન્ડ્રો બડિયા, ડૉ. પ્રવીણ ભારદ્વાજ અને નિષ્ણાત ડૉક્ટરોની ટીમે આ સફળ ઓપરેશન કર્યું.રામ ચરણનો પરિવાર તેમની સારવાર અને સ્વસ્થતા દરમિયાન તેમની સાથે મજબૂત રીતે ઉભો રહ્યો. કોઈમ્બતુરમાં તેમના રોકાણ દરમિયાન, તેમના પિતા ચિરંજીવી, માતા સુરેખા અને પત્ની ઉપાસના હોસ્પિટલમાં તેમની સાથે હાજર રહ્યા અને તેમનું નિરીક્ષણ કર્યું.

# રાજકોટમાં લોકમેળાના સ્ટોલ અને પ્લોટના ફોર્મ વિતરણની મુદતમાં કરાયો વધારો

## ઈન્ડિયન બેન્ક, તોરલ બિલ્ડીંગ ખાતેથી તા.૩૧ જુલાઈ સુધી ફોર્મ મળશે અને જમા થશે

રાજકોટ, રાજકોટ શહેરના રેસકોર્ષ મેદાન ખાતે લોકમેળા સમિતિ દ્વારા આગામી તા. ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ થી તા. ૦૬ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળા-૨૦૨૬ માં વિવિધ કેટેગરીના સ્ટોલ તથા પ્લોટ મેળવવા ઈચ્છુક નાગરિકો માટે ફોર્મ વિતરણ અને સ્વીકારવાની કામગીરી સંદર્ભે અધ્યક્ષ, લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેક્ટર (રાજકોટ શહેર-૧ પ્રાંત) દ્વારા એક મહત્વની અખબારી યાદી જાહેર કરવામાં આવી છે.

અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, લોકમેળામાં વધુમાં વધુ લોકો લાભ લઈ શકે અને લોકસહભાગીતામાં વધારો થાય તેવા આશયથી ફોર્મ વિતરણ તેમજ ભરાયેલા ફોર્મ પરત મેળવવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ થી તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમિયાન ફોર્મ વિતરણ અને સ્વીકારવાનું આયોજન કરાયું હતું. પરંતુ હવે મુદત વધારીને તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ થી તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી ફોર્મનું વિતરણ તેમજ ભરાયેલા ફોર્મ પરત સ્વીકારવામાં આવશે. ફોર્મ વિતરણ અને સ્વીકારવાની આ તમામ કામગીરી ઈન્ડિયન બેક્ક, તોરલ બિલ્ડીંગ, રાજકોટ ખાતેથી કરવામાં આવશે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ લંબાવવામાં આવેલી સમય મર્યાદા પૂર્ણ થયા બાદ કોઈપણ સંજોગોમાં મુદત વધારો કરવામાં આવશે નહીં.ડ્રો અગાઉ તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ (શનિવાર) ના રોજ યોજાવાનો હતો, જેને બદલે હવે તા. ૦૩ ઓગસ્ટ, ૨૦૨૬ (સોમવાર) ના રોજ રાખવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે હરાજીની તારીખોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે પૂર્વવત રહેશે. આ તમામ બાબતોની સંબંધકર્તા તમામ અસપિરેન્ટ્સ અને વેપારીઓએ નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ ઝૂમાં વધુ એક સિંહણને ત્યાં પારણુ બંધાયુ : સિંહણ ધરતીએ ત્રેલડાને જન્મ આપ્યો

## એશિયાઈ સિંહ નર ધનંજય તથા માદા સિંહણ ધરતી સંવનનથી સિંહ બાળ અવતર્યા



રાજકોટ,

રાજકોટ ઝૂમાં વધુ એક સિંહણને ત્યાં પારણુ બંધાયુ છે અને સિંહણે ત્રેલડાને જન્મ આપ્યો છે. એશિયાઈ સિંહ નર ધનંજય તથા માદા સિંહણ ધરતી સંવનનથી ૧૦૭ દિવસના ગર્ભાવસ્થાના અંતે સિંહ માદા ધરતી દ્વારા તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ રાત્રીના સમયે સિંહ બાળ જીવ ૦૩(ત્રણ)નો જન્મ થયેલ છે. હાલ માતા તથા બચ્ચું બન્ને તંદુરસ્ત છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંનું સીસીટીવી દ્વારા રાઉન્ડ ધ કલોક મોનીટરીંગ કરવામાં આવે છે.અગાઉ તા.૧૧/૦૬/૨૦૨૬ના રોજ સિંહણ ધારા દ્વારા ત્રણ બચ્ચાંઓને જન્મ આપવામાં આવેલ. આ બચ્ચાંઓ પણ હાલ તંદુરસ્ત છે. સામાન્ય રીતે સિંહ, વાઘ, દિપડા જેવા બિલાડી કુળના મોટા પ્રાણીઓ સરેરાશ બે થી ત્રણ બચ્ચાંને જન્મ આપતા હોય છે.રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતેનું કુદરતી જંગલ સ્વરૂપનું નૈસર્ગીક વાતાવરણ એશીયાઈ સિંહ તથા સફેદ વાઘને અનુકુળ આવી જતા સમયાંતરે ખુબ જ સફળતાપૂર્વક સંવર્ધન થઈ રહેલ છે. હાલ ઝૂ ખાતે એશીયાઈ સિંહ બાળ ૦૩નો જન્મ થતા એશીયાઈ સિંહની સંખ્યા ૨૦ થઈ ગયેલ છે. જેમાં પુખ્ત નર-૦૪, પુખ્ત માદા-૦૮, પાઠડા નર-૦૨ તથા બચ્ચા-૦૬નો સમાવેશ થાય છે.

# રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટીવ બેંકની ઓડીસા રાજયના કેઓન્ઝર સેન્ટ્રલ બેંકના ડેલીગેટની ટીમ મુલાકાતે

રાજકોટ, રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર વી.એમ. સખીયાના જણાવ્યા મુજબ ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી અને હ્ય બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના કુશળ વહીવટથી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક રાષ્ટ્રીય સ્તરે ઉભરી આવેલ છે.

નાબાર્ડે આ બેંકને પાયોનીયર બેંક તરીકે બિરદાવતા બેંકના મોડેલ વહીવટથી પ્રભાવિત થઈ દેશની તમામ સહકારી બેંકના સંચાલકોની રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની એકસપોઝર વિઝીટ ગોઠવી આ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ખેડૂતો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરી અન્ય બેંકો પણ તેનું અનુકરણ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ખેડૂતોના વિકાસ લક્ષી પ્રવૃતિ કરે તેવા નાબાર્ડના અભિગમના ભાગ રૂપે ઓડીસા રાજયની કેઓન્ઝર સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી. ના ચેરમેન કાનન બિહારી પાહીની આગેવાની હેઠળ બોર્ડ ઓફ ડિરેકટર્સના સભ્યોની ટીમએ રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની તા.૨૪ના સેજ મુલાકાત લઈ બેંકની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કરેલ અને બેંકના જનરલ મેનેજર - સી.ઈ.ઓ.વી.એમ. સખીયાએ બેંકની વિવિધ કામગીરીની જાણકારી આપેલ.

ઓડીસા રાજયની કેઓન્ઝર સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.ની ટીમએ બેંકની વ્યવસ્થા જોઈ પ્રભાવિત થયેલ અને ચેરમેન જયેશભાઈ રાદડિયા, બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા બેંકના મેનેજમેન્ટને ધન્યવાદ આપેલ.

# નયારા એનર્જી દ્વારા યાત્રાધામ દ્વારકાના છ પ્રતિષ્ઠિત સ્થળોએ સ્વચ્છતા પહેલનો પ્રારંભ

## દેશની જાણીતી સંસ્થાઓને સાથે લઈ દર્શનાર્થી-પર્યટકો માટે સ્વચ્છ વાતાવરણ નિર્મિત કરવાનો સંકલ્પ :સ્થાનિક તેમજ રાજ્યકક્ષાના સરકારી તંત્રોને કચરા વ્યવસ્થાપન અંગે જરૂરી સહયોગ આપવા આયોજન




જામનગર,

આંતરરાષ્ટ્રીય કક્ષાની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારાએનર્જીએ ભારત સરકારની સ્વચ્છ પ્રતિષ્ઠિત સ્થળો (સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ) પહેલને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે યાત્રાધામ દ્વારકાના છ પ્રતિષ્ઠિત સ્થળોએ સ્વચ્છતા પહેલનો પ્રારંભ કર્યો છે.આ પહેલનો ઉદ્દેશ કચરા વ્યવસ્થાપન પ્રણાલીઓને મજબૂત બનાવવાનો, સ્વચ્છતામાં સુધારો લાવવાનો અને મુલાકાતીઓ માટે વધુ સ્વચ્છ તથા ટકાઉ વાતાવરણનું નિર્માણ કરવાનો છે. જે અંગે દ્વારકામાં એક વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં પહેલ સાથે જોડાનારી સરકારી કચેરીના અધિકારીઓ તેમજ નયારા એનેર્જી દ્વારા નક્કી કરાયેલી દેશની જાણીતી સંસ્થાઓના અધિકારીઓ જોડાયા હતા.

આ પહેલ હેઠળ દ્વારકાના છ મહત્વપૂર્ણ વારસાગત અને યાત્રાધામ સ્થળો ખાતે ઘન કચરા વ્યવસ્થાપન તથા પ્રવાહી કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા સંબંધિત કાર્યો હાથ ધરવામાં આવશે. આ છ સ્થળોમાં શ્રી દ્વારકાધીશ મંદિર પરિસર, શ્રી રુક્મિણી મંદિર પરિસર, શ્રી નાગેશ્વર મંદિર પરિસર, શ્રી ભડકેશ્વર મંદિર પરિસર, શિવરાજપુર બીચ પ્રવેશ વિસ્તાર અને શ્રી બેટ દ્વારકા મંદિર પરિસરનો સમાવેશ થાય છે.સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ (એસઆઈપી)એ ર્ૂ;સ્વચ્છ ભારત મિશન ગ્રામીણર્ૂ; હેઠળ કેન્દ્ર સરકારની એક પહેલ છે જેનો હેતુ સમગ્ર ભારતમાં ૧૦૦ ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જગ્યાઓને વિશ્વ કક્ષાના ર્ૂ;સ્વચ્છ પ્રવાસન સ્થળોર્ૂ;માં પરિવર્તિત કરવાનો છે. મલ્ટિ-સ્ટેકહોલ્ડર પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય આ સ્થળો પર અને તેની આસપાસ સ્વચ્છતા અને સ્વચ્છતાના ધોરણોને સુધારીને સ્થાનિક અને વિદેશી મુલાકાતીઓના અનુભવને વધારવાનો છે.વર્કશોપમાં દેશની જાણીતી સંસ્થાઓ ઈન્ડિયા સેનિટેશન કોએલિશન, સીડીડી ઈન્ડિયા અને સહજ ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના ઉચ્ચ અધિકારીગણ તેમજ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી હિમાંશુ ચૌહાણ, મામલતદાર શ્રી એ.ડી. ભેડા, દ્વારકા નગરપાલિકા મુખ્ય અધિકારી શ્રી અશ્વિન ગઢવી તેમજ અલગ અલગ સરકારી વિભાગના અધિકારીઓ, વેપારી સંગઠનના આગેવાનો જોડાયા હતા.

# ૧૫૦થી વધુ બાળકો યુવાનોએ જમતી વખતે ટીવી મોબાઈલ ન જોવાનો લીધો સંકલ્પ

## જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ રાજકોટ મધ્યેઃ પંન્યાસ શ્રી ગીતાર્થરત્ન વિજય મહારાજ સાહેબ તથા શ્રી હિતાર્થરત્ન વિજય મહારાજ સાહેબની નિશ્રામાં





રાજકોટ

જૈન ધર્મનું પવિત્ર ચાતુર્માસ પર્વ પ્રારંભ થઈ રહ્યું છે તે અંતર્ગત શ્રી જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ રાજકોટ મધ્યે પંન્યાસ શ્રી ગીતાર્થરત્ન વિજય મહારાજ સાહેબ તથા શ્રી હિતાર્થરત્ન વિજય મહારાજ સાહેબની નિશ્રામાં ૧૨ વર્ષથી ૨૫ વર્ષ સુધીના બાળકો યુવક યુવતીઓ માટે સાત રવિવારીય શિબિર નું આયોજન થયું છે. માય લાઈફ માય ચોઈસ વિષય પર આયોજિત પ્રથમ શિબિરમાં ૧૫૦ થી વધુ બાળક બાળિકાઓ, યુવક યુવતીઓ જોડાયા હતા. રાઈટ ચોઈસ વિશે સમજણ અને સંસ્કાર મેળવતા ૧૫૦ થી વધુ યંગસ્ટરઓએ જમતી વખતે ટીવી મોબાઈલ ન જોવાના સંકલ્પ લીધા હતા. સંસ્કારનું સિંચન કરતી આ શિબિર દર રવિવારે બપોરે ૩.૩૦ થી ૫.૦૦ સુધી ચાલે છે. આપના સંતાનોને પણ તેમાં સંસ્કારોનું સિંચન કરાવવા જણાવશો. એડમિશન માટે ૯૮૭૯૭૯૭૬૨૮, જેની જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ના ટ્રસ્ટીશ્રીઓ દિનેશભાઈ પારેખ, પ્રફુલભાઈ શાહ, જયંતભાઈ શાહ, દીપકભાઈ વસા અને નેહલભાઈ શાહની યાદી જણાવે છે

# રાજકોટમાં જિલ્લાનાં ૪૨૪ ખેડૂતો ટેકાના ભાવે મગ વેંચવા માટે નોંધણી કરાવી

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગની ખરીદીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ત્યારે આજ સુધીમાં રાજકોટ જિલ્લાનાં ૪૨૪ ખેડૂતોએ પોતાના મગ વેચવા માટે નોંધણી કરાવી છે. આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગની ખરીદી કરવાની પ્રક્રિયા હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે. પ્રશાસન દ્વારા ખેડૂતોના હિતમાં આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, અત્યાર સુધીમાં કુલ ૧,૨૭૧ ખેડૂતોના ઈનરોલમેન્ટ (નોંધણી) પ્રાપ્ત થયા છે. જેમાંથી ૧,૨૧૧ ખેડૂતોને અત્યાર સુધીમાં એસ.એમ.એસ. મોકલી દેવામાં આવ્યા છે.

# તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડ ૩૦ જૂન,૨૬ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો

રાજકોટ:તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડ (ટીએમબી) દેશની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ખાનગી બેંકો પૈકીની એક છે, જેનું હેડક્વાર્ટર થૂથુકુડીમાં આવેલું છે ૧૦૪ વર્ષનો સમૃદ્ધ ઐતિહાસિક વારસો ધરાવતી આ બેન્ક પોતાના મજબૂત ફાઈનાન્સિયલ બેકગ્રાઉન્ડ તેમજ સતત નફો કરવાના ઉત્કૃષ્ટ ટ્રેક રેકોર્ડ સાથે આગળ વધી રહી છે. ટીએમબી ૧૭ રાજયો અને૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૨૮ શાખાઓ તેમજ૧૩ પ્રાદેશિક કચેરીઓ સાથે દેશભરમાં હાજરી ધરાવી ૫૩ લાખથી વધુ સંતુષ્ટ ગ્રાહકોને સેવા પૂરી પાડે છે. તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ થૂથુકુડી ખાતે યોજાયેલી બેઠકમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરાં થયેલાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી. બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સાલી એસ. નાયરે આ પરિણામોની જાહેરાત કરી હતી. આ પ્રસંગે બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ્સ અને બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી સાલી એસ. નાયરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રથમ ત્રિમાસિક ગાળો અમારા માટે એક સકારાત્મક પ્રારંભ દર્શાવે છે, આ પરિણામો આપણી બિઝનેસ ફ્રેન્ચાઈઝીની મજબૂત કામગીરી અને આપણી વ્યૂહાત્મક પ્રાથમિકતાઓના શિસ્તબદ્ધ અમલીકરણને દર્શાવે છે. આ ક્વાર્ટરમાં દરેક સેક્ટરમાં વૃદ્ધિ જોવા મળી છે,

# રાજકોટ એઈમ્સ ખાતે ક્લિનિકલ વાયરોલોજીમાં નેક્સ્ટ જનરેશન સિક્વેન્સિંગ પર રાષ્ટ્રીય વર્કશોપનો પ્રારંભ

## દેશના ૧૨થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨૫થી વધુ વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો તાલીમમાં જોડાયા



રાજકોટ,

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ રાજકોટના વાયરલ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી તથા ક્લિનિકલ માઈક્રોબાયોલોજી અને ઈન્ફેક્શિયસ ડિસીઝ વિભાગ દ્વારા 'ઈન્ડિયન સોસાયટી ઓફ ક્લિનિકલ વાયરોલોજી' ના સહયોગથી "ક્લિનિકલ વાયરોલોજીમાં નેક્સ્ટ જનરેશન સિક્વેન્સિંગ (દ્રવ્જી) અને બાયોઈન્ફોર્મેટિક્સ" વિષય પર ચાર દિવસીય રાષ્ટ્રીય હેન્ડ્સ-ઓન વર્કશોપનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૨૫ થી ૨૮ જુલાઈ દરમિયાન યોજાનાર આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ ચેપી રોગોના નિદાન, જિનોમિક સર્વેલન્સ અને રોગચાળાની તૈયારી માટે દેશની વૈજ્ઞાનિક ક્ષમતાને વધુ મજબૂત બનાવવાનો છે.

વર્કશોપનું ઉદ્ઘાટન એઈમ્સ રાજકોટના કાર્યકારી નિયામક ડો. એલ. એન. દોરાયરાજનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. સંજય ગુપ્તા (ડીન એકેડેમિક્સ), ડો. સિમ્મી મહેરા (ડીન પરીક્ષા) તેમજ ડો. (કર્નલ) અશ્વિની અગ્રવાલ (ડીન રિસર્ચ, વિભાગાધ્યક્ષ અને ઓર્ગેનાઈઝિંગ ચેરપર્સન) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે ડો. દોરાયરાજને જણાવ્યું હતું કે, અને જિનોમિક ટેક્નોલોજી આધુનિક આરોગ્યસેવામાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવી રહી છે. તેમણે ક્લિનિકલ પ્રેક્ટિસ, સંશોધન અને જાહેર આરોગ્યમાં આ ટેક્નોલોજીના અસરકારક ઉપયોગ માટે કુશળ માનવસંસાધન વિકસાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયા બાદ દેશની અગ્રણી મેડિકલ કોલેજો, સંશોધન સંસ્થાઓ અને ૨૫ પ્રતિભાગીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, આસામ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર તેમજ આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ સહિતના રાજ્યોનો સમાવેશ થાય છે.

# રાજકોટમાં સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે નિઃશુલ્ક જયપુર ફૂટ કેમ્પ યોજાશે

## તા. ૧ થી ૩ ઓગસ્ટ સરગમ ભવન ખાતે જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ અપાશે

રાજકોટ,રાજકોટમાં સરગમ કલબ, ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર (લંડન)ના પૂજ્ય રાજરાજેશ્વરગુરુજી તેમજ કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ આગામી તા. ૧ ઓગસ્ટં ૨૦૨૬ થી ૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા. ૦૧/૦૮/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે ખાસ સરગમ ભવન, જામ ટાવર રોડ, નવી કલેક્ટર કચેરીની બાજુમાં, રાજકોટ (ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૧૬૮) ખાતે રૂબરૂ રહેવું.

આ ખાસ કેમ્પમાં જરૂરતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડી આપવામાં આવશે. આ ઉપરાંત જે દિવ્યાંગો અગાઉ અહીંથી સાધનો લઈ ગયા હોય અને તેમને રિપેરિંગ કરાવવાનું હોય, તેઓએ પણ તા. ૧/૦૮ ના રોજ સવારે ૮ વાગ્યે ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાની સાથે ફોટોવાળું સરકાર માન્ય ઓળખપત્ર (આધાર કાર્ડ) તેમજ ડોક્ટારના વિકલાંગતા સર્ટિફિકેટની ઝેરોક્ષ નકલ ખાસ સાથે લાવવાની રહેશે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ પૂજ્યક રાજ રાજેશ્વર ગુરુજી તેમજ કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી અને રશ્મીનભાઈ કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ આઈ.ટી.આઈ ખાતે એડમિશન કન્ફર્મેશન પ્રક્રિયા શરૂ

રાજકોટ,

ઔધોગિક તાલીમ સંસ્થા, રાજકોટ ખાતે પ્રવેશ-૨૦૨૬ અંતર્ગત પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. હાલ,બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયામાં જે ઉમેદવારોએ પ્રવેશ માટેના નવા ફોર્મ્સ ભરેલ છે અથવા તો કન્સેલન્ટ આપેલ છે તેવા ઉમેદવારોએ નિયત ફી સાથે સવારે ૯:૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સંસ્થા ખાતે રૂબરૂ હાજર રહી એડમિશન કન્ફર્મ કરાવવાનુ રહેશે.બીજા રાઉન્ડમાં એડમિશન કન્ફર્મ કરાવવાનો છેલ્લો દિવસ તા.૨૯/૦૭/૨૦૨૬ હોવાનું સંસ્થાના આચાર્ય (વર્ગ-૨) એસ.સી. રાડિયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના પ્રગટ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત ૨૭મો સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન યોજાશે

રાજકોટ, પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૭મા સર્વજ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧ દિકરીઓના સમુહ લગ્ન તા.૬ ડિસેમ્બર-૨૦૨૬ને રવિવારના રોજ યોજાશે. જેમાં દરેક કન્યાને કરિયાવરમાં ૧૦૧ વસ્તુઓ ભેટ આપવામાં આવશે. લગ્નોત્સવમાં સામેલ દીકરા તથા દીકરી બંને પક્ષને સંસ્થા દ્વારા ભોજનના ૨૫ પાસ આપવામાં આવશે.

આ તકે ફોર્મનું વિતરણ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન તથા સાંજે ૫ થી ૮ સુધીમાં સંસ્થાના કાર્યાલય પ્રગટ હનુમાન મંદિર, લક્ષ્મીવાડી શેરી નં. ૯-અ, મિલપરા મેઈન રોડ ખાતેથી મેળવવાના રહેશે. સંસ્થા દ્વારા આ આયોજનમાં મીલપરા તથા લક્ષ્મીવાડી વિસ્તારના રહેવાસીઓને મહાપ્રસાદનો લાભ લેવા જણાવ્યું છે.

આયોજનને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટ, જૈમિલ પંડ્યા, દેવાંગભાઈ ભટ્ટ, કિશનભાઈ સુચક, પંકજભાઈ વ્યાસ, બકુલભાઈ સરવૈયા, ચિંતન રાચ્છ, ધર્મેશભાઈ રાઠોડ, કશ્યપભાઈ ભટ્ટ, હર્ષદભાઈ રાઠોડ, સવજીબાપા તથા બચુભાઈ માખેલા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ખાતરના કાળાબજાર, સંગ્રહખોરી અને જથ્થો અન્યત્ર વાળવા સામે ૨૦૨૫માં ૪.૮૪ લાખથી વધુ દરોડા પાડવામાં આવ્યા

## યુરિયા સબસિડી, એનબીએસ યોજના અને સતત પુરવઠા મોનિટરિંગ દ્વારા પરવડે તેવા ખાતરની સુનિશ્ચિતતા



નવીદિલ્હી,
ભારત સરકારે ખાતરના કાળાબજાર, સંગ્રહખોરી, ડાયવર્ઝન અને ગુણવત્તાહિન ખાતરના વેચાણ સામે સખત કાર્યવાહી કરવાની સાથે ખેડૂતોને સમયસર અને પર્યાપ્ત માત્રામાં ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. ખાતરના અવિરત પુરવઠાને સુનિશ્ચિત કરવા, પરવડે તેવા ભાવ જાળવી રાખવા અને દેશભરમાં અમલીકરણને મજબૂત કરવા માટે એક વ્યાપક તંત્ર ગોઠવવામાં આવ્યું છે.

દરેક પાક મોસમ દરમિયાન ખાતરની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ (DA&FW), રાજ્ય સરકારો સાથે પરામર્શ કરીને, દરેક સિઝન પહેલાં રાજ્ય-વાર અને માસ-વાર ખાતરની જરૂરિયાતનું મૂલ્યાંકન કરે છે. આ અંદાજોના આધારે, ખાતર વિભાગ માસિક પુરવઠા યોજનાઓ દ્વારા પર્યાપ્ત જથ્થાની ફાળવણી કરે છે અને ઉપલબ્ધતાનું સતત નિરીક્ષણ કરે છે. તમામ મુખ્ય સબસિડી વાળા ખાતરોના પરિવહન પર ઈન્ટિગ્રેટેડ ફર્ટિલાઈઝર મેનેજમેન્ટ સિસ્ટમ (iFMS) દ્વારા નજર રાખવામાં આવે છે. સ્થાનિક ઉત્પાદન અને માંગ વચ્ચેના તફાવતને પૂરો કરવા માટે સરકાર ખાતરની આયાતને અગાઉથી આખરી ઓપ આપે છે, સમયસર પુરવઠા માટે ઉત્પાદકો અને આયાતકારો સાથે સમન્વય સાધે છે, ખાતરની રેકની પ્રાથમિકતાના ધોરણે હલનચલન માટે રેલવે મંત્રાલય સાથે નજીકથી કામ કરે છે, અને રાજ્ય સરકારો જિલ્લા-સ્તરના વિતરણની દેખરેખ રાખે છે. પરિણામે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં યુરિયા, ડીએપી, એમઓપી અને એનપીકેએસની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવી રાખવામાં આવી હતી. રાજ્ય-વાર વિગતો નીચે મુજબ પૂરી પાડવામાં આવેલ છે.

સરકાર યુરિયા સબસિડી યોજના અને ન્યુટ્રિઅન્ટ બેઝ્ડ સબસિડી (NBS) યોજના દ્વારા ખેડૂતો માટે ખાતરો પરવડે તેવા રહે તે સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખે છે. યુરિયા સબસિડી યોજના હેઠળ, યુરિયાના ૪૫ કિલોની ગુણીની મહત્તમ છૂટક કિંમત (MRP) ૨૪૨ પ્રતિ ગુણી (લીમડાના કોટિંગના ચાર્જિસ અને લાગુ પડતા કર સિવાય) રહે છે.

# ઈરાકના ડ્રોન હુમલા બાદ સાઉદી અરેબિયામાં આવેલી અબકૈક રિફાઈનરીમાં ભીષણ આગ

## યુદ્ધ શરૂ થયા પછી સાઉદી અરેબિયાને વારંવાર નિશાન બનાવવામાં આવ્યું

રિયાધ,
સાઉદી અરેબિયામાં સાઉદી અરામકોની અબકૈક રિફાઈનરીમાં ડ્રોન હુમલા બાદ ભીષણ આગ ફાટી નીકળી હોવાના અહેવાલ છે. આ ઘટનાએ વૈશ્વિક તેલ પુરવઠા અંગે ચિંતા ફેલાવી છે, કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે મધ્ય પૂર્વમાં તણાવ પહેલાથી જ વધ્યો છે.

OSINT (ઓપન સોર્સ ઈન્ટેલિજન્સ) સાઈટ્સ દ્વારા શેર કરાયેલા અનેક વિડિઓઝ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે જેમાં સુવિધા અને ઈસ્ટ-વેસ્ટ પમ્પિંગ સ્ટેશનમાંથી ધુમાડો નીકળતો જોવા મળે છે. જો કે, ઈન્ડિયા ટીવી ડિજિટલ સ્વતંત્ર રીતે વિડિઓની સત્યતા ચકાસી શકતું નથી.અબકૈક રિફાઈનરી સાઉદી અરામકોનું સૌથી મોટું તેલ પ્રોસેસિંગ સંકુલ છે. આ ઉપરાંત, તે વિશ્વનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ સ્ટેબિલાઈઝેશન પ્લાન્ટ પણ છે, જે ક્રૂડ ઓઈલમાંથી હાઈડ્રોજન સલ્ફાઈડ, કુદરતી ગેસ પ્રવાહી, પાણી અને અન્ય અશુદ્ધિઓને દૂર કરે છે. તેથી, સુવિધા પર કોઈપણ હુમલો વૈશ્વિક ક્રૂડ સપ્લાય ચેઈનને ગંભીર અસર કરી શકે છે.

હાલ સુધી, સાઉદી અરામકોએ આગ અંગે નિવેદન જારી કર્યું છે. વધુમાં, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ છે કે નહીં તેની કોઈ પુષ્ટિ થઈ નથી.

સાઉદી અરેબિયાએ દાવો કર્યો છે કે ડ્રોન ઈરાકથી ઈરાન તરફી આતંકવાદી જૂથો દ્વારા છોડવામાં આવ્યા હતા. આ ડ્રોનને સંરક્ષણ દળો દ્વારા અટકાવવામાં આવ્યા હતા અને પૂર્વીય ક્ષેત્ર અને રિયાધમાં પેટ્રોલિયમ સુવિધાઓ તરફ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીએ "સ્પષ્ટતા કરી હતી કે આ આતંકવાદી પ્રયાસો ઈરાકી પ્રદેશથી શરૂ કરવામાં આવ્યા હતા અને ઈરાની સમર્થિત આતંકવાદી લશ્કર દ્વારા કરવામાં આવ્યા હતા, જે રાજ્યના પોતાના અને તેની ક્ષમતાઓનો બચાવ કરવાના કાયદેસર અધિકાર અને યોગ્ય સમયે અને સ્થળે જવાબ આપવાના અધિકારને જાળવી રાખે છે," સંરક્ષણ મંત્રાલયે ૮ ના રોજ જણાવ્યું હતું.

# દિલ્હી કેબિનેટે લક્ષ્મી યોજનાને મંજૂરી આપી મહિલાઓને હવે દર મહિને ૨૫૦૦ મળશે

નવીદિલ્હી,
મંગળવારે, રાજ્ય સરકારે દિલ્હીમાં મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે એક મોટું અને ઐતિહાસિક પગલું ભર્યું. મુખ્યમંત્રી રેખા ગુપ્તાની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્વપૂર્ણ કેબિનેટ બેઠકમાં બહુપ્રતિક્ષિત 'દિલ્હી લક્ષ્મી યોજના'ને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી. આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ, રાજધાનીમાં પાત્ર મહિલાઓને સરકાર તરફથી દર મહિને ૨,૫૦૦ ની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

આ મહત્વપૂર્ણ નિર્ણય પર ખુશી વ્યક્ત કરતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે દિલ્હીની મહિલાઓ માટે આ એક મોટો દિવસ છે. તેમણે કહ્યું કે આજે ખૂબ જ આનંદની ક્ષણ છે. દિલ્હીમાં અમારી બહેનોને અમે જે વચન આપ્યું હતું તે આજે અમારા મંત્રીમંડળે પૂર્ણ કર્યું છે. દિલ્હી લક્ષ્મી યોજનાને કેબિનેટ મંજૂરી મળી ગઈ છે.

યોજના અમલીકરણ વિશે માહિતી આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે મહિલાઓ દ્વારા સરળતાથી અરજી કરી શકાય તે માટે ૧ ઓગસ્ટથી એક સમર્પિત ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવશે.

સરકાર પ્રાપ્ત અરજીઓની ચકાસણી શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે જેથી યોજનાનો પ્રથમ હપ્તો રક્ષાબંધન (રાખી) ના શુભ તહેવાર સુધીમાં મહિલાઓના બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ શકે.

# અટકાયત અને ધરપકડ કરાયેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક મુક્ત કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

## વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અને પોલીસ કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો



નવીદિલ્હી,
દિલ્હીના જંતર મંતર સહિત દેશભરમાં નીટ પેપર લીક વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અને પોલીસ કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે અટકાયતમાં લેવાયેલા અને ધરપકડ કરાયેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે જેમની સામે કોઈ ગુનાહિત આરોપો દાખલ કરવામાં આવ્યા નથી.

સુપ્રીમ કોર્ટે દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, આસામ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને કેરળને નોટિસ ફટકારીને નીટ વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અંગે જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે તમામ સીસીટીવી ફૂટેજ સાચવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે જેમની સામે અગાઉ કોઈ કેસ નથી પરંતુ વિરોધ પ્રદર્શન દરમિયાન કેસ નોંધાયા હતા તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.

સીજેઆઈએ નોંધ્યું કે બધી અરજીઓમાં આરોપો લગાવવામાં આવ્યા છે. વ્યાપક રીતે કહીએ તો, એક કેસ પેલેટ ગનનો ઉપયોગ સાથે સંકળાયેલો છે, જેના કારણે ૧૯ વર્ષીય યુવક અંધ થઈ ગયો હતો. ઈલેક્ટ્રિક લાકડીઓના ઉપયોગની ઘટનાઓ પણ નોંધાઈ છે, જેના પરિણામે એક યુવતીને આઈસીયુમાં દાખલ કરવામાં આવી છે. ખીલીથી બાંધેલા લાકડીઓના ઉપયોગથી જીવલેણ ઈજાઓ થવાના પણ આરોપો છે.

ગઈકાલે એક મીડિયા વ્યક્તિ પર હુમલાનો પણ કેસ છે, જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એવો આરોપ છે કે તેના પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો. સાદા વસ્ત્રોમાં પોલીસ કર્મચારીઓ દ્વારા હિંસાના પણ આરોપો છે. બીજા એક કેસમાં, એક યુવતીને પોલીસ અધિકારી દ્વારા ઉશ્કેરણી વિના થપ્પડ મારવામાં આવી હતી. કથિત રીતે વધુ પડતી પોલીસ કાર્યવાહી અંગે આજે એક અલગ અરજી પણ દાખલ કરવામાં આવી છે.

# એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાનો અંતિમ અહેવાલ ઓક્ટોબરમાં દાખલ કરવામાં આવશે

નવી દિલ્હી,
કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે જૂન ૨૦૨૫ માં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં હાથ ધરાયેલી તપાસમાં એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) નો ડ્રાફ્ટ ફાઈનલ રિપોર્ટ ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં દાખલ કરવામાં આવશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી બેન્ચ સમક્ષ રજૂ કર્યું હતું કે ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ AAIB ને તેના ઈનપુટ્સ આપી શકે છે. ત્યારબાદ છછૈંમ્ તપાસ દરમિયાન જો જરૂરી લાગે તો તેની સમીક્ષા કરી શકે છે અને તેનું નિરાકરણ લાવી શકે છે.

દરમિયાન, તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે અરજદારોમાંથી એક દ્વારા માંગવામાં આવેલી અરજીમાં માંગવામાં આવ્યા મુજબ, ચાર સિમ્યુલેશન ટેસ્ટ કરવામાં આવ્યા છે. અંતિમ ડ્રાફ્ટ રિપોર્ટ બેન્ચ સમક્ષ સીલબંધ કવરમાં ફાઈલ કરવામાં આવશે, કાયદા અધિકારીએ માહિતી આપી.

સુપ્રીમ કોર્ટે કાયદાના વિદ્યાર્થી, મૃતક પાઈલટના પિતા અને એક NGO દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરી, જે તમામે એર ઈન્ડિયા ફ્લાઈટ AI-171 ક્રેશમાં ૨૫૦ થી વધુ લોકોના મોતની ઘટનામાં સ્વતંત્ર અને કોર્ટ-નિરીક્ષણ હેઠળ તપાસની માંગ કરી હતી, જેમાં ફક્ત એક જ બચી ગયો હતો. બેન્ચે હવે અરજીઓની વધુ સુનાવણી ૧૩ ઓક્ટોબરના રોજ મુલતવી રાખી છે.

# સરકારની સત્તાઓનો ઉપયોગ બંધારણીય મર્યાદામાં થવો જોઈએ : મદ્રાસ હાઈકોર્ટ

## કોર્ટે કરુર ભાગદોડની ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારો માટેનો તમિલનાડુ સરકારનો આદેશ રદ કર્યા

ચેન્નાઈ,
મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે ગયા સપ્ટેમ્બરમાં કરુર ભાગદોડની ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારોને 'કરુણાપૂર્ણ રોજગાર' આપવાના તમિલનાડુ સરકારના આદેશને રદ કર્યો. કોર્ટે પોતાનો ચુકાદો આપતા કહ્યું કે આનાથી આવી માંગણીઓનો પ્રવાહ આવશે, બેન્ચે એમ પણ કહ્યું કે સરકારની સત્તાઓનો ઉપયોગ બંધારણીય મર્યાદામાં થવો જોઈએ.

જસ્ટિસ સી.વી. કાર્તિકેયન અને આર. શક્તિવેલની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે આ નિમણૂક બંધારણની કલમ ૧૪ અને ૧૬ નું ઉલ્લંઘન કરે છે. બેન્ચે જણાવ્યું હતું કે દરેક સરકારી વિભાગમાં ઘણા લોકો છે જેઓ કરુણાપૂર્ણ નિમણૂકોની રાહ જોઈ રહ્યા છે, અને તેમની જરૂરિયાતોને અવગણીને આ કેસમાં પીડિતોના પરિવારોને નોકરીઓ આપવી યોગ્ય નથી. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જ્યારે રાજ્યએ બંધારણની કલમ ૧૬૨ હેઠળ તેની વહીવટી સત્તાઓનો ઉપયોગ કરીને આ આદેશ જારી કરવાનો દાવો કર્યો હતો, ત્યારે આ સત્તાઓનો ઉપયોગ બંધારણની મર્યાદા અને મર્યાદામાં થવો જોઈતો હતો.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે આ કેસમાં કરુણાપૂર્ણ નિમણૂકોને મંજૂરી આપવાથી ઘણા લોકો માટે રોજગાર મેળવવાનો માર્ગ ખુલી ગયો હોત. કોર્ટે ફટાકડા અને મોટર વાહન અકસ્માતોના ઉદાહરણો ટાંક્યા હતા જ્યાં, ભલે જાનહાનિ સરકારી બેદરકારીને કારણે થઈ હોય, પીડિતોને કરુણાપૂર્ણ નિમણૂકો આપવામાં આવતી ન હતી પરંતુ માત્ર કરુણાપૂર્ણ આધારે વળતર (એક્સ-ગ્રેશિયા ચુકવણી) આપવામાં આવતી હતી. કોર્ટે જણાવ્યું હતું કે જો આવી નિમણૂકોને મંજૂરી આપવામાં આવી હોત, તો સરકારે તે કેસોમાં પણ નોકરીઓ આપવાની જરૂર હોત.

# ઈરાનના હુમલાઓ વચ્ચે કુવૈત પણ પાકિસ્તાન સાથે લશ્કરી કરાર પર હસ્તાક્ષર કરશે

## ગયા વર્ષે પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે સમાન સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા

કુવૈત,
કુવૈતે જૂન ૨૦૨૩ માં પાકિસ્તાન સાથે થયેલા વ્યાપક સંરક્ષણ સહયોગ કરારને સત્તાવાર રીતે બહાલી આપી છે. આ બહાલી બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય લશ્કરી સંપર્કો પછી આવી છે. કુવૈત છેલ્લા ઘણા મહિનાઓથી ઈરાની હુમલાઓનો સામનો કરી રહ્યું છે. આનાથી કુવૈતને નોંધપાત્ર નુકસાન થયું છે અને તેને યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી જરૂરી સહાય મળી રહી નથી. આવી સ્થિતિમાં, કુવૈતે તેના સંરક્ષણ માટે પાકિસ્તાનનો સંપર્ક કર્યો છે, જે પૈસા અને તેલના બદલામાં બધું સોંપવા તૈયાર છે. ગયા વર્ષે પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે સમાન સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. થોડા સમય પછી, સાઉદી અરેબિયાએ પાકિસ્તાનને ઈ૩ બિલિયન લોન આપી.

પાકિસ્તાન અને કુવૈતનો સંરક્ષણ કરાર ઈસ્લામાબાદે સાઉદી અરેબિયા સાથે કરેલા કરાર જેવો જ હશે. એક દેશ પર હુમલો બંને દેશો પર હુમલો માનવામાં આવશે.

# રાહુલ ગાંધી, અખિલેશ યાદવ અને અન્ય વિપક્ષી દળોએ ગૃહને બંધક બનાવ્યું : ગિરિરાજ સિંહ

## વડા પ્રધાન વિદ્યાર્થીઓની પરીક્ષાઓની વ્યવસ્થા કરી રહ્યા હતા ત્યારે વિરોધ કરનારા નેતાઓ વિદેશ પ્રવાસ પર હતા



નવીદિલ્હી,
કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે વિપક્ષની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું, "રાહુલ ગાંધી, અખિલેશ યાદવ અને અન્ય વિપક્ષી પક્ષોએ ગૃહને બંધક બનાવી રાખ્યું છે. તેમને વિદ્યાર્થીઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી. જ્યારે આ મુદ્દો પહેલીવાર ઉઠાવવામાં આવ્યો, ત્યારે ૩ મેની આસપાસ, વડા પ્રધાને તાત્કાલિક ખાતરી કરી કે પરીક્ષાઓ યોજાય અને પરિણામો જાહેર કરવામાં આવે."

ગિરિરાજે કહ્યું, "કોઈનું વર્ષ બગાડવામાં આવ્યું નથી. આ પછી, એક નવો કાયદો લાવવામાં આવી રહ્યો છે, ફાસ્ટ-ટ્રેક સિસ્ટમ બનાવવામાં આવી રહી છે, અને વિદ્યાર્થી પ્રતિનિધિઓને આપેલા વચનો પૂરા કરવામાં આવ્યા છે. જ્યારે આ ઘટના પહેલીવાર બની હતી અને વડા પ્રધાન વિદ્યાર્થીઓની પરીક્ષાઓની વ્યવસ્થા કરી રહ્યા હતા, ત્યારે આ નેતાઓ વિદેશ પ્રવાસ પર હતા. વિદ્યાર્થીઓએ ક્યારેય તેમને પોતાના પ્રતિનિધિ માન્યા ન હતા. મને સમજાતું નથી કે તેઓ હવે આટલો બધો હોબાળો કેમ કરી રહ્યા છે."બિહાર બંધ દરમિયાન પોલીસ ગોળીબારના અહેવાલો અંગે, તેમણે કહ્યું, "બિહાર સરકારે તેના અધિકારક્ષેત્રમાં કાર્યવાહી કરી. જોકે સસ્પેન્શન થયા હતા.

# આસામના વિવિધ ભાગોમાં પૂરની પરિસ્થિતિ અંગે પીએમ નરેન્દ્ર મોદીએ સાંસદો સાથે સમીક્ષા બેઠક યોજી

## આસામના ધારાસભ્યોએ પણ એક મહિનાનો પગાર દાનમાં આપવાની જાહેરાત કરી

નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે તેમણે આસામના વિવિધ ભાગોમાં પૂરની પરિસ્થિતિ અંગે રાજ્યના સાંસદો સાથે બેઠક યોજી હતી. તેમણે ખાતરી પણ આપી હતી કે કેન્દ્ર સરકાર અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે આસામ સરકાર સાથે નજીકથી કામ કરી રહી છે.

ટ્વિટર પર એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમણે લોકોની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરી. તેમણે લખ્યું, "આસામના સાંસદો સાથે મુલાકાત કરી અને રાજ્યના વિવિધ ભાગોમાં હાલની પૂરની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. કેન્દ્ર સરકાર અસરગ્રસ્તોને મદદ કરવા માટે આસામ સરકાર સાથે નજીકથી કામ કરી રહી છે. હું દરેકની સલામતી અને સુખાકારીની ઈચ્છા રાખું છું."

આસામના શિવસાગર જિલ્લામાં પૂરની સ્થિતિ વધુ વણસી રહી છે કારણ કે નૌજન ગામમાં પૂરના પાણી ઘરોમાં ઘૂસી ગયા છે અને રસ્તાઓ ડૂબી ગયા છે, જેના કારણે સેંકડો પરિવારો આશ્રય, ખોરાક અને સલામત પીવાના પાણીની પહોંચ માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેમ છતાં રાહત કામગીરી તીવ્ર બની છે.

આસામના ધારાસભ્યોએ એક મોટો નિર્ણય લીધો છે. રાયજોર દળના ધારાસભ્યો સિવાયના તમામ ધારાસભ્યોએ મંગળવારે જાહેરાત કરી હતી કે તેઓ રાજ્યના પૂર પીડિતોના રાહત અને પુનર્વસન માટે એક મહિનાનો પગાર દાન કરશે.

સ્પીકર રણજીત કુમાર દાસે જાહેરાત કરી કે તેઓ અને ડેપ્યુટી સ્પીકર હબ્બે ટેરોન પૂર રાહત માટે એક મહિનાનો પગાર દાન કરશે. તેમણે જાહેરાત કરી, "અમારા સિવાય, વિધાનસભા સચિવાલયના તમામ કર્મચારીઓ પીડિતોના રાહત અને પુનર્વસન માટે એક દિવસનો પગાર દાન કરશે."

આ પહેલનું સ્વાગત કરતા, સંસદીય બાબતોના મંત્રી પિજુષ હજારિકાએ જાહેરાત કરી કે ભાજપના તમામ ધારાસભ્યો પણ એક મહિનાનો પગાર દાન કરશે. રાજ્યના એકમાત્ર તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય શેરમન અલી અહેમદે પણ તેનું અનુકરણ કર્યું અને પૂરગ્રસ્ત વિસ્તારો માટે એક મહિનાનો પગાર જાહેર કર્યો.ભારતીય વાયુસેના આસામ અને નાગાલેન્ડના પૂરગ્રસ્ત વિસ્તારોમાં તેની માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી ચાલુ રાખે છે.

# છેલ્લા પાંચ વર્ષ રશિયા માટે અત્યંત મુશ્કેલ અને નિર્ણાયક રહ્યા છે : પુતિનનું નિવેદન

## પુતિને ફરી એકવાર યુક્રેનમાં ચાલી રહેલા લશ્કરી કાર્યવાહીને યોગ્ય ગણાવી



મોસ્કો,
રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી એકવાર યુક્રેનમાં ચાલી રહેલા લશ્કરી કાર્યવાહીને યોગ્ય ઠેરવતા કહ્યું છે કે રશિયા તેના તમામ લક્ષ્યો પ્રાપ્ત કરશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશ એક થઈને વિજય પ્રાપ્ત કરશે અને રશિયાની સુરક્ષા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરશે. તેમણે પશ્ચિમી દેશો પર રશિયા વિરુદ્ધ ઝુંબેશ ચલાવવાનો અને બેવડા ધોરણો અપનાવવાનો પણ આરોપ લગાવ્યો હતો. સોમવારે મોસ્કોમાં રશિયાની સંઘીય સંસદ, સ્ટેટ ડુમાના આઠમા કાર્યકાળને સંબોધતા, પુતિને કહ્યું, "અમે અમારા બધા લક્ષ્યો પ્રાપ્ત કરીશું અને સાથે મળીને રશિયા માટે વિજય માટે દરેક પ્રયાસ કરીશું."

પુતિને કહ્યું કે છેલ્લા પાંચ વર્ષ રશિયા માટે અત્યંત મુશ્કેલ અને નિર્ણાયક રહ્યા છે. તેમણે કહ્યું કે આ સમયગાળા દરમિયાન દેશ અને તેના લોકોના ભવિષ્યની કસોટી થઈ છે. પુતિને કાયદા ઘડનારાઓનો આભાર માનતા કહ્યું કે બધાએ રશિયાની સાર્વભૌમત્વને મજબૂત કરવા અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે સાથે મળીને કામ કર્યું છે. તેમણે કહ્યું કે રશિયા તેની સુરક્ષા અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે. યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધનો ઉલ્લેખ કરતા પુતિને કહ્યું કે "ખાસ લશ્કરી કાર્યવાહીમાં સામેલ આપણા સૈનિકો રશિયા અને માતૃભૂમિ માટે બહાદુરીથી લડી રહ્યા છે. તેમને સમગ્ર રાષ્ટ્ર અને સમાજનો ટેકો છે."

પુતિને કહ્યું કે ઈતિહાસમાં જ્યારે પણ રશિયાને બાહ્ય ખતરાનો સામનો કરવો પડ્યો છે, ત્યારે દેશ તેની સામે એક થયો છે, અને આજે પણ એ જ ભાવના દેખાય છે. તેમણે પશ્ચિમી દેશો પર યુએન ચાર્ટરનો ઉપયોગ કરવામાં બેવડા ધોરણ અપનાવવાનો આરોપ લગાવ્યો. પુતિને કહ્યું કે પશ્ચિમ ફક્ત પોતાના હિત અનુસાર સ્વ-નિર્ણયના સિદ્ધાંત વિશે વાત કરે છે. રશિયન રાષ્ટ્રપતિએ દાવો કર્યો કે ૨૦૨૨ થી, પશ્ચિમે રશિયા સામે "રુસોફોબિયા" ને જોરશોરથી અપનાવ્યું છે અને રેકોર્ડ સંખ્યામાં પ્રતિબંધો લાદ્યા છે, પરંતુ આ પ્રતિબંધો તેમનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરી શક્યા નથી.

# સાવરકુંડલામાં ફટાકડા બનાવતાં તણખો ઝર્યો, આગ લાગતા સગીર સળગી ગયો!

## દેશી ફટાકડા બનાવતી વખતે ઈલેક્ટ્રિક ઘંટીમાં શોર્ટ સર્કિટથી દુર્ઘટના; હોસ્પિટલ પહોંચે તે પહેલા જ દમ તોડ્યો





અમરેલી:

અમરેલીના સાવરકુંડલામાં દિવાળીના તહેવાર માટે દેશી ફટાકડા (કોકડા) બનાવતી વખતે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. દેશી હર્બલ ફટાકડાનો દારૂગોળો બનાવતી વેળાએ ઈલેક્ટ્રિક ઘંટીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં ભીષણ આગ લાગી હતી. આ આગની જ્વાળામાં ૧૭ વર્ષીય સગીર જીવતો સળગ્યો હતો. હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તે પહેલા જ તેનું મોત થયું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ, બપોરના સમયે કોકડા બનાવવા માટે દારૂગોળો તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન ઈલેક્ટ્રિક ઘંટીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આ આગની ચપેટમાં નજીક ઊભેલો કિશન મકવાણા નામનો સગીર આવી જતા ગંભીર રીતે દાઝી ગયો હતો. આ દરમિયાન આસપાસમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

આ વીડિયોમાં સગીર જમીન પર અત્યંત ગંભીર રીતે દાઝેલી હાલતમાં પડેલો દેખાય છે, જ્યાં આગ અને દારૂગોળાના કારણે તેનું આખું શરીર કાળું પડી ગયું છે. તેની પાસે બેઠેલો એક યુવક તેને સાંત્વના આપી રહ્યો છે, જ્યારે આસપાસ એકત્ર થયેલા લોકો તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવા અને મદદ માટે બૂમો પાડી રહ્યા છે.

ઘટના બનતા જ આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત સગીરને તુરંત જ સારવાર અર્થે રાજકોટની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે, શરીરનો મોટા ભાગનો હિસ્સો ગંભીર રીતે દાઝી ગયો હોવાથી સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડ્યો હતો. આ બનાવને પગલે મૃતકના પરિવારજનોમાં અરેરાટી સાથે ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટના અંગે સ્થાનિક પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, આ કોઈ મોટા ફટાકડા નથી પરંતુ આ કોકડા છે. દિવાળી તહેવારમાં વર્ષોની પરંપરા મુજબ સાવરકુંડલા શહેરમાં ઈંગોરિયા યુદ્ધ ખેલાઈ છે જેમાં આ કોકડાનો ઉપયોગ થાય છે. આ કોકડામાં દારૂખાનું ભરવામાં આવે છે. જેની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. સાવરકુંડલા શહેરમાં અનેક ઘરે આવા કોકડા બનાવવામાં આવે છે જેને દિવાળી સમયે વેંચાણ કરવામાં આવે છે.

અમરેલીના સાવરકુંડલા શહેરમાં છેલ્લા ૮ દાયકાથી દિવાળીની રાત્રે એકબીજા પર સળગતા ઈંગોરિયા ફેંકી ઉજવણી કરવાની અનોખી પરંપરા ચાલી આવે છે. સામાન્ય રીતે યુદ્ધ ગુસ્સાના ભાવ સાથે ખેલાતા હોય છે. પરંતુ, દિવાળીની રાત્રે સાવરકુંડલા શહેરમાં ખેલાતું ઈંગોરિયા યુદ્ધ હસતા મોઢે ખેલવામાં આવે છે. લોકો નિર્દોષભાવ સાથે સામસામે એકબીજા પર સળગતા ઈંગોરિયા ફેંકી ઉજવણી કરતા હોય છે. દિવાળીની રાત્રે આ યુદ્ધ રાત્રિના ૧૦ વાગ્યાથી વહેલી સવાર સુધી ચાલતું હોય છે.

સાવરકુંડલામાં લોકો વર્ષોથી દિવાળીની રાત્રે ઈંગોરિયાથી યુદ્ધ કરતા આવ્યા છે. પરંતુ, છેલ્લા કેટલાક વર્ષોથી ઈંગોરિયાના વૃક્ષો ઘટી જતા ઈંગોરિયા મળવા મુશ્કેલ બન્યા છે. ત્યારે અહીંના લોકોએ ઈંગોરિયાના વિકલ્પમાં કોકડાનો ઉપયોગ શરૂ કર્યો છે.

ઈંગોરિયા યુદ્ધમાં જે કોકડાનો ઉપયોગ થાય છે તેમાં કોલસો, સૂરોખાર અને ગંધરક આ ત્રણેય મિક્સ કરવામાં આવે છે. ત્યારબાદ ડ્રીલની મદદથી એક હોલ કરવામાં આવે છે. જે બાદ કોકડામાં આ દારૂગોળો ભરવામાં આવે છે. દિવાળીના બે ત્રણ મહિના પહેલા જ કારીગરો કોકડા તૈયાર કરવાનું શરૂ કરી દે છે.

# રાજુલા નજીક હિંડોરણા ચોકડી પાસે પણ આગની ઘટના બની

# પંજાબી ધાબામાં રસોઈ બનાવતી વખતે અચાનક ગેસ લીકેજ થતાં ભીષણ આગ ફાટી નીકળી

## આગના કારણે ઢાબામાં ઘણી વસ્તુઓ બળી ગઈ હતી, ૬ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા



રાજુલા નજીક આવેલા હિંડોરણા ચોકડી પાસે ગઈકાલે સતનામ પંજાબી ધાબામાં રસોઈ બનાવતી વખતે અચાનક ગેસ લીકેજ થતાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ઢાબાના સંચાલક સહિત કુલ ૬ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

હિંડોરણા ચોકડી સ્થિત સતનામ પંજાબી ઢાબામાં દૈનિક કામગીરી દરમિયાન રસોઈ બનાવવામાં આવી રહી હતી, ત્યારે અચાનક ગેસ સિલિન્ડરમાંથી ગૅસ લીકેજ થવાનું શરૂ થયું હતું. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં ઢાબા પરિસરમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો.

આ દુર્ઘટનામાં લપેટાઈ જવાથી ધાબાના સંચાલક કરમસિંહ ગુરુદેવ સિંહ ઉપરાંત કમલજીતસિંહ, બહાદુરસિંહ, આનંદ સિંહ, શામુભાઈ અને દેતલબેન નાથાભાઈ નામના ૬ વ્યક્તિઓ દાઝી ગયા હતા. ઘટનાના પગલે તમામ ઈજાગ્રસ્તોને ત્વરિત ધોરણે નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ, ૧૧૨ પોલીસ ટીમ તેમજ નાયબ મામલતદાર અને તલાટી સહિતનો વહીવટી સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. રાહત અને બચાવ કામગીરી હાથ ધરીને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.પોલીસે આ સમગ્ર ઘટના અંગે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. ગેસનો બાટલો કયા કારણોસર લીકેજ થયો અને આગ લાગવા પાછળ કોઈ અન્ય તાંત્રિક ખામી જવાબદાર હતી કે કેમ તે દિશામાં પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ ચલાવવામાં આવી રહી છે.

# રાજુલા પોલીસે નદી કિનારે ચેતવણી બોર્ડ લગાવ્યા

**ધાતરડી નદીમાં ડૂબવાના બનાવો રોકવા બોર્ડ લગાવ્યું, જાનહાનિ ટાળવા પ્રયાસ**




અમરેલી:

રાજુલા પોલીસે અમરેલી જિલ્લાના હિંડોરણા અને ખાખબાઈ ગામોમાં ધાતરડી નદીના કિનારે ચેતવણી બોર્ડ લગાવ્યા છે. આ પગલું નદીમાં ન્હાવા ઉતરવાથી થતા ડૂબવાના બનાવોને રોકવા માટે લેવામાં આવ્યું છે.

ભૂતકાળમાં આ નદીમાં ડૂબી જવાથી અનેક લોકોના મૃત્યુ થયા છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટરે પણ આ અંગે જાહેરનામું બહાર પાડ્યું હતું. અમરેલીના SP સંજય ખરાત લોકોની બેદરકારી અને લાપરવાહીથી થતા મૃત્યુ અંગે ચિંતિત હતા.

ચોમાસાની ઋતુ અને સ્થાનિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ કામગીરી કરી છે. નદીના પ્રવાહ અને ઊંડા પાણીમાં થતી દુર્ઘટનાઓ અટકાવવા માટે જોખમી વિસ્તારોમાં વિશેષ સૂચના અને ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે.

રાજુલા પોલીસ દ્વારા નાગરિકોને નદી કાંઠાના વિસ્તારોમાં ન જવા, નદીઓ પર બિનજરૂરી અવર-જવર ન કરવા, નદીમાં ન્હાવા ન પડવા, સેલ્ફી ન લેવા તેમજ પાણીના પ્રવાહમાં ન ઉતરવા સહિતની બાબતો માટે કડક અપીલ કરવામાં આવી છે.

# રાજુલામાં સસલાનો શિકાર કરવાનો પ્રયાસ

## કોટડી ગામમાં બે શખસ ઝડપાયા, વન વિભાગની કડક કાર્યવાહી, ૫૦ હજારનો દંડ વસૂલાયો



અમરેલી:અમરેલી જિલ્લાના રાજુલા વન્યજીવ રેન્જ હેઠળના કોટડી ગામના કાળુકી વિસ્તારમાં વન્યપ્રાણી સસલાનો શિકાર કરવાની કોશિશ કરનાર બે શખ્સો સામે વન વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ-રાજુલા પંથકમાં કોટડી ગામના રેવન્યુ વિસ્તારમાં બે શખ્સો દ્વારા સસલાને મોતને ઘાટ ઉતારવાના ઈરાદાથી બે મેવટા (જાળ) બાંધવામાં આવી હતી.

સસલાને જાળ તરફ દોડાવીને તેનો ગેરકાયદેસર શિકાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું વન વિભાગના ધ્યાને આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ આર.એફ.ઓ. ડી.કે. મકવાણાની રાહબરી હેઠળ રાજુલા રાઉન્ડની રાજુલા બીટ-૨ ના વન વિભાગના સ્ટાફે તાત્કાલિક સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

આ મામલે વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ અંતર્ગત રાજુલા રાઉન્ડ ગુના નંબર ૦૧/૨૦૨૬-૨૭, તા. ૨૭-૦૭-૨૦૨૬ના રોજ ગુનો નોંધવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીઓએ ગુના અંગે તડજોડ કરવાની ઈચ્છા દર્શાવતા, વન વિભાગ દ્વારા એડવાન્સ રિકવરી પેટે કુલ રૂ. ૫૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ત્યારબાદ બંને આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.પકડાયેલા આરોપીઓ: ભીખાભાઈ રૂખડભાઈ પરમાર (રહે. જીવાપર, તા. ખાંભા, જી. અમરેલી),રમેશભાઈ બાબુભાઈ પરમાર (રહે. જીવાપર, તા. ખાંભા, જી. અમરેલી)

વન વિભાગની આ ત્વરિત કાર્યવાહીથી વન્યજીવોના ગેરકાયદેસર શિકાર કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને તંત્રની સતર્કતા જોવા મળી છે.

# બગસરામાં બાઈક સાઈડમાં લેવાનું કહેતા યુવકને ફટકાર્યો, મહિલા સહિત બેને ઈજા

અમરેલી:અમરેલી જિલ્લાના બગસરા શહેરના નવા જીનપરા વિસ્તારમાં બાઈક સાઈડમાં લેવા જેવી નજીવી બાબતને લઈ થયેલી બોલાચાલીમાં બે શખ્સોએ યુવક અને મહિલાને માર મારી ઈજાગ્રસ્ત કરી, કરમા પણ છુટા પથ્થરોના ઘા મારી તોડફોડ કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

ગઈ કાલે સાંજે આશરે ૪:૦૦ વાગ્યે નવા જીનપરા ખાતે રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા અમિનભાઈ અલારખભાઈ કાળવાતર પોતાની અલ્ટો કાર સર્વિસ સેન્ટરમાંથી સાફ કરાવી ઈલિયાસભાઈ ભંગારીના ડેલા પાસે કાર વાળવા ગયા હતા. તે દરમિયાન રસ્તામાં અલ્ફેશ અમિનભાઈ સૈયદ બાઈક લઈને રસ્તામાં ઉભો હતો જેથી કાર પસાર કરવા માટે બાઈક સાઈડમાં લેવાનું કહેતાં બોલાચાલી થઈ હતી.

જેથી અલ્ફેશ સૈયદે ઉશ્કેરાઈ ગાળો આપી બાઈક પરથી ઉતરી રસ્તામાં પડેલા પથ્થર અને ઈંટના ટુકડાઓ વડે અમીનભાઈની કાર પર હુમલો કર્યો હતો. વચ્ચે પડનાર ફાતેમાબેન પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં બંનેને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ દરમિયાન સિકંદર બચુભાઈ સૈયદ પણ ઘટનાસ્થળે આવી બંનેને માર માર્યો હતો તેમજ કારને પણ પથ્થર મારી નુકસાન પહોંચાડ્યું હતું.

આ અંગે બગસરા પોલીસે ફરિયાદના આધારે અલ્ફેશ અમિનભાઈ સૈયદ અને સિકંદર બચુભાઈ સૈયદ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# લીલીયા મોટાના વાડીવાળા દાદા મંદિરમાં ૩.૫ લાખના ચાંદીના મુગટ-છત્તરની ચોરી



અમરેલી:લીલીયા મોટામાં આવેલા વાડીવાળા દાદાના મંદિરમાં અજાણ્યા તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો છે. મંદિરમાંથી આશરે ૩.૫ લાખ રૂપિયાની કિંમતના ચાંદીના મુગટ અને છત્તર સહિત ૧૫ નાના છત્તરની ચોરી થઈ છે. ચોરી કર્યા બાદ તસ્કરો ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી વિરલ ચંદન અને પીઆઈ/પીએસઆઈ સહિત લીલીયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને આસપાસના વિસ્તારમાં આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ચોરાયેલો મુદ્દામાલ પરત મેળવવા અને આરોપીઓને ઝડપથી પકડવાની માંગ ઉઠી છે. પોલીસ દ્વારા વારંવાર મંદિરોમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે માર્ગદર્શન આપવામાં આવતું હોવા છતાં તેનું પાલન થતું નથી. આ મંદિરમાં સીસીટીવી કેમેરા ન હોવાનો લાભ લઈને તસ્કરોએ આ મોટી ચોરીને અંજામ આપ્યો હતો.

# ટ્રેક્ટરના વ્હીલ નીચે આવેલા શ્રમિકનું સારવારમાં મોત

અમરેલી:સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે વાડીમાં ટ્રેક્ટર ચલાવતી વખતે અચાનક પડી જતા સર્જાયેલા અકસ્માતમાં ૪૩ વર્ષીય એક શ્રમિકને હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નિપજ્યુ હોવાની ઘટના સામે આવી છે.

ગઈ તા. ૬ જૂન,ના રોજ સવારે આશરે ૧૦:૦૦ વાગ્યે મેવાસા ગામે જનકભાઈ ખુમાણની વાડીમાં પિઠવડી ગામના રહેવાસી અને છૂટક મજૂરી કામ કરતા હિંમતભાઈ ભીખાભાઈ રાઠોડ (ઉ.વ.૪૩) ટ્રેક્ટર ચલાવી રહ્યા હતા.તે દરમિયાન તેઓ અચાનક ટ્રેક્ટરમાંથી નીચે પડી જતા ટ્રેક્ટરનું તોતિંગ વ્હીલ તેમના પર ફરી વળ્યું હતું. અકસ્માતમાં ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન આખરે ૨૦ દિવસ બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મંજુલાબેન હિંમતભાઈ ભીખાભાઈ રાઠોડે જાહેર કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જોખમી સગર્ભાની ૧૦૮માં જ ડિલિવરી થતા માતા અને પૂત્રનો જીવ બચી ગયો



મેંદરડા:

જામકા ગામ વાડી વિસ્તારમાં એક શ્રમિક મહિલાને પ્રસુતિ ની પીડા ઉપડતા મેંદરડા ૧૦૮ એમબુલન્સ પર ફરજ પર ના EMT હિરેન અગ્રાવત અને પાઈલોટ મૌલિક શ્યારા મહીલા ને લેવા માટે નિકળી ગયા હતાં.

આ મહિલા ને એમ્બ્યુલન્સ માં લીધા બાદ તપાસ કરતા આ સગર્ભા માતાને પ્રુસુતી ની પીડા માં ખૂબજ વધા રો થવાથી એમ્બ્યુલન્સ માં જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી સાથે સાથે આ સગર્ભા માતાને લોહીની ટકાવરી ઓછી અને માતાનો વજન ખૂબ ઓછો હોવાથી અને ત્રીજી વખત સગર્ભા હોવાથી આ મહિલા ખૂબજ જોખમી જાણતા ૧૦૮ હેડ ઓફિસ ના ઈમરજન્સી ફિજીસિયન ડો . રુચિબેનનાં માર્ગદર્શનથી આ મહિલા ની EMT હિરેન અગ્રાવત દ્વારા સળતાપૂર્વક ડિલિવરી કરવામા આવી હતી. સારી કામગીરી બદલ જુનાગઢ જિલ્લાના અધિકારી જયેશ ગીરી પ્રોગ્રામ મેનેજર આકાશ ભાઈ દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# રાજુલાના દાતરડીમાં નેશનલ હાઈવે પર પેટ્રોલિયમ પદાર્થ મિશ્રીત પ્રવાહી વેચાણ પર પોલીસની રેડ




અમરેલી:

અમરેલી જિલ્લામા પેટ્રોલ ડીઝલ કરતા સસ્તા ભાવે વેચાણ માટે જિલ્લાભરમાં પરમિશન વગર વનસ્પતિ ઓઈલના નામે વેચાણ કરવામાં આવી રહ્યું છે. અને સસ્તું હોવાથી અનેક ભારે વાહનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

જિલ્લા પ્રશાસન તરફથી કોઈ પરમિશન આપવામાં આવી નથી ત્યારે રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક નેશનલ હાઈવે પર બાયપાસ બ્રિજ પાસે કથિત પેટ્રોલિયમ પદાર્થ મિશ્રિત જ્વલનશીલ પ્રવાહી રાખી વેચાણ કરવામાં આવતું હતું.

આ દરમ્યાન DYSP નયના ગોરડિયા, ડુંગર પીઆઈ પલાસ સહીત ડુંગર પોલીસની ટીમ દ્વારા રેડ કરવામાં આવી હતી.

કુમતસિંહ પરબતસિંહ સરવૈયાના MEE MY ECO energy ઓઝોન સેફ પેટ્રોના નામે ફ્યુલ સ્ટેશન ખાતે કથિત પેટ્રોલિયમ પદાર્થ મિશ્રીત જ્વલનશીલ પ્રવાહી રાખી વેચાણ કરતા હતા.

આ પ્રવાહી કેવા પ્રકારનું છે અને કોઈ પેટ્રિલિયમ પદાર્થ છે કે કેમ અને વેચાણ થતું પ્રવાહી એલ.ડી.ઓ છે કે કેમ અને ડીઝલ અંગેની ડેનસીટીની તપાસણી થવા માટે FLS કચેરી ખાતે યોગ્ય તપાસ કરવા રિપોર્ટ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ આવ્યા બાદ ડુંગર પોલીસ આગળની કાર્યવાહી કરશે. પોલીસે હાલમાં જાણવાજોગ દાખલ કરી છે.

# બાબરામાં વિવાદિત જમીન પર બાંધકામ મંજૂરી રોકવાની માંગ:નગરપાલિકાને લેખિત રજૂઆત

બાબરા:

બાબરાની સર્વે નં. ૪૭/૧ની વિવાદિત જમીન પર કોઈપણ પ્રકારના બાંધકામને મંજૂરી ન આપવા બાબરાની એક મહિલાએ બાબરા નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને લેખિત રજૂઆત કરી છે.

બાબરા શહેરમાં સંબંધિત જમીન અંગે અગાઉ થયેલી બિનખેતીની કાર્યવાહી અને ત્યારબાદના સરકારી હુકમોને ધ્યાનમાં લેતા અનેક કાયદાકીય મુદ્દાઓ હજુ બાકી હોય, ઉપરાંત, બિનખેતીના લે-આઉટ પ્લાનને સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મળી ન હોય

અરજદાર સવિતાબેન ખોખરીયા દ્વારા જરૂરી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા વગર નગરપાલિકા દ્વારા બાંધકામની મંજૂરી આપવામાં આવે તો ભવિષ્યમાં કાયદાકીય વિવાદો સર્જાઈ શકે છે. તેથી તમામ નિયમો અને મંજૂરીઓની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત જમીન પર કોઈપણ પ્રકારની બાંધકામ મંજૂરી ન આપવા માંગ કરાઈ છે. રજૂઆત સાથે સરકારી હુકમોની નકલો, તાલુકા વિકાસ અધિકારીનો પત્ર તથા અન્ય સંબંધિત દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું છે.

# બગસરા સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસ સેન્ટરનું લોકાર્પણ

## લાંબા સમયની માંગણી સંતોષાઈ, દર્દીઓને મળશે સુવિધા



અમરેલી:અમરેલી જિલ્લાના બગસરા ખાતે સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સેન્ટર શરૂ થતાં બગસરા અને આસપાસના વિસ્તારોના દર્દીઓની લાંબા સમયથી ચાલી આવતી માંગણી પૂર્ણ થઈ છે.

આ લોકાર્પણ પ્રસંગે ભાજપના અગ્રણીઓ અતુલભાઈ કાનાણી અને ઘનશ્યામભાઈ સાદરાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ડો. હુંમર, ડો. સાવલિયા, બગસરા નગરપાલિકાના પ્રમુખ અને સદસ્યો તેમજ વિવિધ સંસ્થાઓના અગ્રણીઓએ પણ હાજરી આપી હતી.

આ ડાયાલિસિસ સેન્ટર શરૂ થવાથી કિડની સંબંધિત બીમારીઓથી પીડાતા દર્દીઓને સ્થાનિક સ્તરે જ આધુનિક સારવારની સુવિધા ઉપલબ્ધ થશે, જેનાથી તેમને દૂરના શહેરોમાં જવાની જરૂરિયાત રહેશે નહી.

# બાબાપુર નજીક વાડીમાંથી ૧૪૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ ચોરાયો: રાવ

અમરેલી:અમરેલી તાલુકાના બાબાપુર ગામ નજીક આવેલી એક તરવડા રોડ પર આવેલી વાડીમાંથી ઈલેક્ટ્રિક કેબલની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે.

અમરેલી જિલ્લામાં કેબલ ચોરીની અવાર નવાર બનતી ઘટનાથી ખેડૂતો ચિંતામાં ડૂબ્યા છે ત્યારે આજે ફરી એક ઘટના અમરેલીના બાબાપુર ગામે બની છે.જ્યાં વાંકિયાના રસ્તા પર રહેતા અને ખેતી કરતા વિજયભાઈ વિઠ્ઠલભાઈ રીબડીયા (ઉંમર ૪૦)એ નોંધાવેલી ફરિયાદ અનુસાર તા. ૨૧ જુલાઈ,ના સાંજે ૬:૦૦ વાગ્યાથી બીજા દિવસે બપોરે ૨:૦૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે બાબાપુરથી તરવડાના મઢી તરફ જતાં રસ્તે આવેલી પોતાની વાડીમાં કૂવામાં લટકાવેલો રૂપિયા ૩૫૦૦ની કિંમતનો અંદાજે ૧૪૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ કોઈ અજાણ્યા શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.